**સુવિચાર**

ગાંધી વંદના સાચી ત્યારે જ કહેવાય કે જ્યારે સત્ય અને અહિંસા આચરણમાં આવે.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૧/૦૧/૨૦૨૫, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર



# અમરેલી એક્સપ્રેસ


અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૧ પોષ સુદ–૨ વર્ષ : ૧૬ અંક : ૦૧૭







## મોંઘવારીનાં કાળમાં સામાન્ય વધારો પણ મુશ્કેલી ઉભી કરે છે

# બગસરામાં પાલિકાનાં વેરા વધારા સામે શહેર સજ્જડ બંધ

**શહેરીજનોને ૩–૩ કલાક રાહ જોવરાવ્યા બાદ ચીફ ઓફિસર આવેદનપત્ર સ્વીકારવા તૈયાર થયા**

**લોકશાહી શાસન વ્યવસ્થામાં લોકોનાં સમૂહને આવેદનપત્ર આપવું હોય તો જનસેવકોએ સામેથી સ્વીકારવું જોઈએ**

**જનસેવકો અને જનપ્રતિનિધિઓ સામે જનતા એક બને તો જ લોકશાહી ટકી રહેશે**

**પાલિકાનાં શાસકોમાં ભ્રષ્ટાચાર બંધ કરે તો પણ વેરો વધારો કરવો ન પડે**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૩૧

બગસરાની નગરપાલિકા દ્વારા વેરામાં આકરો વધારો કરતાં તેના વિરોધમાં શહેરની વેપારી સંસ્થાઓ, માર્કેટયાર્ડનાં વેપારીઓ દ્વારા અપાયેલ શહેર બંધનાં એલાનને પ્રચંડ સમર્થન મળતાં એ સાબિત થાય છે કે કાળઝાળ મોંઘવારી અને ભિષણ બેરોજગારીમાં

અનુસંધાન પાના ૬ ઉપર

### પ્રવિણભાઈ સાથળીયાએ કર્યુ વાવેતર

# લાઠી તાલુકાના હિરાણા ગામનાં ખેતરમાંથી લીલા ગાંજાનાં છોડનું વાવેતર ઝડપાયું

**લાઠી પોલીસે ૧૩૯ કિ.ગ્રા.નાં છોડ કબ્જે કર્યા**

અમરેલી, તા. ૩૧

બાબરા તાલુકાના જામબરવાળા ગામે રહેતા રવજીભાઈ મશરૂભાઈ સાથળીયા તથા મુળ ઢસાના શંકરપરાના વતની અને હાલ કનુભાઈ શંભુભાઈ તળાવીયા હિરાણાવાળાની વાડીયે રહેતા પ્રવિણભાઈ ઉર્ફે ઘુઘાભાઈ છનાભાઈ સાથળીયા નામના આરોપીઓએ વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે પોતે ભાગવી વાવવા રાખેલ પોતાના ભોગવટાવાળી વાડી ખેતરમાં લીલા ગાંજાના છોડનું વાવેતર કરેલ હોય. જેનું વજન–૧૩૯ કિ.ગ્રા. નાના–મોટા છોડ નંગ–૧૫ મળી આવેલ હોય. જેની કિંમત રૂા. ૧,૩૯૦ ના મુદ્દામાલ સાથે લાઠી પોલીસે ઝડપી લીધેલ છે.

### હેવાનિયતની હદ વટાવતો કિસ્સો

# અરેરાટી : રાજુલાનાં બાબરીયાધારમાં પ્રેમીએ પ્રેમિકાને માથામાં કુહાડી ઝીંકી મોતને ઘાટ ઉતારી

**પાગલ પ્રેમીએ હત્યા કરી મૃતદેહને કૂવામાં ફેંકી દીધો**

રાજુલા, તા. ૩૧

રાજુલાની એક યુવતીને બાબરીયાધારના યુવક સાથે પ્રેમસંબંધ હોય તેની સાથે રહેતી હતી. પરંતુ યુવકની પત્ની સાથે ઝઘડો થતા પ્રેમીએ તેને અઢી માસ પહેલા માથામાં કુહાડી ઝીંકી લાશ કુવામાં ફેંકી દીધી હોવાની ચોંકાવનારી ઘટના બહાર આવી છે. હત્યાની આ ઘટના રાજુલા તાલુકાના બાબરીયાધારની સીમમાં જોલાપરી નદીના કાંઠે બની હતી. જયાં સોનલબેન મગનભાઈ સોલંકી (ઉ.વ. ૩૫) નામની મહિલાની તેના જ પ્રેમીએ હત્યા કરી હતી. સોનલના અગાઉ લગ્ન થયેલા હતા અને હાલ રીસામણે હતી. ત્યારે તેને બાબરીયાધારના ભાવેશ રૂખડ પરમાર નામના પરિણિત યુવક



સાથે પ્રેમસંબંધ થયો હતો. જેથી સોનલ માતા–પિતાને છોડી ત્રણ વર્ષથી ભાવેશ સાથે રહેવા જતી રહી હતી. અગાઉ ત્રણેય હિંડોરણા રહેતા હતા અને હાલમાં બાબરીયાધાર રહેતા હતા. અઢી માસથી સોનલ ગુમ થઈ હતી તેનો પ્રેમી

અનુસંધાન પાના ૬ ઉપર










### એસપીની સુચનાથી એસઓજીની કામગીરી

# જાફરાબાદની સુથાર શેરીમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ ઝડપાયો

## રાજુભાઈ સાંખટ નામનાં આરોપીની અટકાયત

અમરેલી, તા. ૩૧

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જિલ્લામાંથી દારૂની બદી દુર કરવા પ્રોહિબીશનના વેચાણ, સંગ્રહ અને હેરફેરની પ્રવૃત્તિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર સફળ રેઈડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે અમરેલી એસ.ઓ.જી. પોલીસ ઈન્સ. આર.ડી. ચૌધરીની રાહબરી હેઠળ એસ.ઓ.જી. ટીમ જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન મળેલ બાતમી હકીકત આધારે જાફરાબાદના કોળીવાડ વિસ્તારમાં આવેલ સુથાર શેરીમાં દરોડો કરી રાજુભાઈ ઉર્ફે ચટાક નાનજીભાઈ સાંખટ નામના ઈસમને ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો સાથે પકડી પાડી, પકડાયેલ



આરોપી તથા સંડોવાયેલ આરોપી વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી કરી પકડાયેલ આરોપી તથા મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

# અમરેલી : શાંતાબા જનરલ હોસ્પિટલ અને ઇન્ટાસ ફાઉન્ડેશન દ્વારા વિનામુલ્યે હિમોફિલીયા ફેકટરનું વિતરણ



અમરેલી, તા. ૩૧

અમરેલી શાંતાબા જનરલ હોસ્પિટલમાં આજરોજ હિમોફિલિયાના અંદાજીત ૫૯ જેટલા દર્દીઓને ૧૦૦૦ યુનિટ ફેકટરનું ઈન્ટાસ ફાઉન્ડેશન દ્વારા વિનામુલ્યે વિતરણ કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમ દરમ્યાન દર્દીઓને ઈમરજન્સી દરમ્યાન જાતે ઈન્જેકશન કઈ રીતે લેવા, બ્લીડીગ થાય તો શું કાળજી રાખવી તે બાબતે તથા ફીજીયોથેરાપી ડોકટર દ્વારા ઈમરજન્સીમાં કેવી કસરત કરવી તથા તેનાથી શું લાભ થાય તે બાબતે માર્ગદર્શન અને ટ્રેનિગ આપવામાં આવી હતી.

હિમોફિલીયા માર્ગદર્શન સેમીનાર ખાતે શાંતાબા જનરલ હોસ્પિટલ અમરેલીના સુપ્રિટેન્ડેન્ટ ડો.આર.એમ.જીતિયા, ડો.હિમ પરીખ, ડો.મિરલ સુદાણી, ડો.યાજ્ઞિક ભૂવા, ડો.રાજન કકૈયા, ડો. રાજવી પાઠક તથા દિનેશભાઈ કાપડિયા હાજર રહ્યા હતા. ડો.આર.એમ. જીતિયાએ દર્દીઓને હિમોફિલીયા અંગે માર્ગદર્શન પૂરૂ પાડેલ હતું તથા સંસ્થાવતી ઈન્ટાસ ફાઉન્ડેશનનો આભાર વ્યકત કર્યો હતો.

### આગામી ૮મી જાન્યુઆરીનાં રોજ

# ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાશે

## જરૂરિયાતમંદોને લાભ લેવા અનુરોધ

ચલાલા, તા. ૩૧

ચલાલા વિવિધ સેવાકાર્યો કરનાર ચલાલાના યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા ગાયત્રી સંસ્કાર કેન્દ્ર, ધારી રોડ ચલાલા ખાતે આગામી તા. ૮/૧/૨૫ બુધવારના રોજ ૨૭૪મો વિનામૂલ્યે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, સર્વરોગ કેમ્પનું આયોજન કરેલ છે. રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ તથા જીલ્લા અંધત્વ નિવારણ સમિતિના યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમે સેવા આપશે.

શારદાબેન ગોવિંદભાઈ ગોંડલિયા હસ્તે. હીનાબેન મનીષભાઈ ગોંડલિયા દિશાબેનના આર્થિક સહયોગથી યોજનાર આ કેમ્પમાં દર્દીઓની તપાસ કરી દવા આપવામાં આવશે અને ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીને રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી નેત્રમણી મૂકી અદ્યતન સારવાર અને દવા આપવામાં આવશે અને સાથે દર્દીઓએ આધારકાર્ડની ઝેરોક્ષ નકલ સાથે લાવવી.

દંતયજ્ઞમાં દાતના તમામ રોગો જેવા કે દાત કાઢવા ચાંદી પૂરવી વગેરેની સારવાર પણ વિનામૂલ્યે કરવામાં આવશે.

સર્વરોગ કેમ્પમાં તમામ તમામ પ્રકારના રોગો જેવા કે શ્વાસ, હરસ, મસા, ડાયાબીટીશ, પેટના રોગો, વાના રોગો, વગેરેની સારવાર કરી દવા પણ વિનામૂલ્યે આપવામાં આવશે.

ઉપકરોત સ્થળે દર મહિનાના બીજા બુધવારે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાય છે કેમ્પમાં ઉપકરોત તમામ સારવાર વિનામૂલ્યે મળશે તો ચલાલા અને આજુબાજુના ગામોમાંથી વધુમાં વધુ લોકો લાભલે તેવું સંસ્થાના વડા પૂ.ડો. રતિદાદાની એક યાદીમાં જણાવાયું છે.

### જયાં દિવસ રાત દાતાઓ દ્વારા પુરતો આર્થિક સહયોગ મળી રહ્યો છે

# રાજુલાનાં મોરંગી ગામ નજીક હોડાવાળી ખોડીયાર આશ્રમમાં શ્રી શેષનારાયણ ગીરીબાપુ સીટી વગાડે અને હજારો ગૌ માતા દોડી આવે

## ૧૨ વર્ષ પહેલા ૧૧ ગાય અને આજે ૪૫૦૦ જેટલી ગાયોને આશરો





રાજુલા, તા. ૩૧

રાજુલા તાલુકાના મોરંગી નજીક હોડાવાળી ખોડીયાર આશ્રમ આવેલો છે. શ્રદ્ધાનું પ્રતીક અને સાથે સાથે ગાય માતાનું આ ખોડીયાર મંદિર એટલે માતાજીનું મંદિર. ડુંગરા ઉપર હોવાથી આજુબાજુના વિવિધ ગામડાઓ મંદિરે દર્શન કરવા જાય ત્યાં જોવા મળે છે. સૌથી વધુ ગાયો ધરાવતી ગૌશાળા એટલે આ ખોડીયાર મંદિરની ગૌશાળા જયાં ૫૦૦૦ ગાયો ધરાવતી ગૌશાળા છે. અહીંયા છેલ્લા ૧૫ વર્ષથી આશ્રમમાં પૂજા પાઠ મહંત શ્રી શેષનારાયણ ગીરીબાપુ આશ્રમ ચલાવી રહ્યા છે. આશ્રમ રાજુલા–મહુવા રોડ ઉપર મોરંગી માંડણ ગામ બાજુમાં આવેલું છે. આ બાપુને લોકો અને સાધુસંતો સહિત અનેક લોકો સીટીવાળા બાપુ તરીકે ઓળ ખાય છે અને એની એક સીટીથી ૫૦૦૦ ગાય દોડતીઆવે છે તેમજ આ બાપુને ગાય પ્રત્યે અનહદ પ્રેમ છે. કારણ કે ૧૨ વર્ષ પહેલા અહીં ૧૧ ગાય હતી જેમાંથી આશ્રમમાં સાડા ચાર હજાર જેટલી ગૌમાતા રખડતી ભટકતી આવેલ. ત્યારે બાપુએ શેડ બનાવી ગાયોની સંભાળ રાખે છે. અહીંયા દાતાઓ પણ ગાય માતા માટે ઘાસચારો, કોઈ પાણીનો ટાંકા આપી જાય, કોઈ ટ્રેકટર આપી જાય, કોઈ બાપુની આસ્થા શ્રદ્ધાને કારણે દરિયાની બોટની માનતા કરી હોય તે પણ મોટી બોટ આપી ગયા છે. બાપુ સતત આશ્રમના મહંત શ્રી શેષનારણ ગીરીબાપુ એટલે સવારથી સાંજ ગોવાળિયો માલિકીઓ કે ગાયોને ચારો નાખવાવાળો એ એક જ વ્યકિત એટલે મહંત શ્રી શેષનારાયણબાપુ જે કહો તે આ બાપુ. તમામ ગાયોનો વહીવટ કરે છે અને સેવા પૂજામાં સતત પ્રવૃત્તિમાં રહે છે. જેને કારણે બાપુ સીટી વગાડે એટલે તરત જ ગાયો પાણી પીવા કે ઘાસ ખાવા દોડી જાય છે. બાપુની સીટી ઉપર ગાયમાતાઓને એટલી બધી શ્રદ્ધા છે કે ગમે તે સ્થિતિમાં ગાય બેઠી હોય, ઊંઘતી હોય કે બાપુની સીટી વાગી નથી અને ગાયો દોડતી થઈ નથી. આટલો બધો ગાયો અને બાપુને પ્રેમ છે તેવો પ્રેમ તમે કયાંય જોયો નહીં હોય છતાં પણ શ્રી શેષનારાયણબાપુ કહે છે કે આ બધું માતાજી કરે છે દેવાવાળા એ દુબળા નથી રાત્રિના ટ્રકોના ટ્રક ઠલવાઈ જાય છે. કોણે મોકલ્યો એ પણ ખબર નથી પણ ૩૩ કરોડ દેવતા માટે દાતાઓ મળી રહે છે. પરંતુ અફસોસ એ છે કે હજી સુધી સરકારે ગાયને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કર્યુ નથી. મોટી ગૌશાળા છે છતાં કયારેય પણ ગાય માટે પૈસા કે ગૌશાળામાં સબસીડી આ આશ્રમમાં આપવામાં આવતા નથી અને મારી માતાજી કહે છે કે કોઈ પણ રખડતી ભટકતી ગાયને અહીં મૂકી જાય છે, કોઈ કુકડા મૂકી જાય, કોઈ કુતરા અને કોઈ આખલાને પણ સારી રીતે સાચવીએ છીએ. ખુદ બાપુ કહે છે કે ગાય માતાના કારણે હું ગમે તેવા વરસાદ, તડકા, ઠંડીમાં ગાય માતાની સેવા કરૂં છું અને જેને કારણે આજે આ ૭૫ વરસથી પણ વધારે ઉમરે દોડધામ કરી શકું છું. ગાયોને કયારે પણ મૂકીને હું કયાંય સંતોની મીટીંગ કે ડાયરા કે કોઈ અગત્યના કામે પણ જતો નથી. એટલે ગાય માતાનું મારા ઉપર અને માતાજીને મારા ઉપર પ્રેમ છે. બાપુ પાસે બેઠો એટલે મોજની વાતો હોય અને હાસ્ય કરતા હોય અને ખોટા લોકોને ગાળો પણ દેવાનો તેનો સ્વભાવ છે. લોકો તેના સ્વભાવને પારખી ગયા છે જેથી બાપુ બોલે તે સહન કરે છે અને મજા આવે છે.

ત્યારે હવે મકરસંક્રાંતિ જેવા દિવસ નજીક જ આવતો હોય છે. મકરસંક્રાંતિના દિવસે ગાયોને ઘાસચારો નાખો, ગાયોની પૂજા કરો એ શાસ્ત્રોમાં પણ લખ્યુંછે. ત્યારે આ ગૌશાળામાં સાડા ચાર હજાર ઉપરાંતની ગાયોછે એક પણ ગાય દૂધ નથી આપતી જેથી અમે દૂધ કે છાશ વેચવાનો ધંધો કરતા નથી. દૂધની ગાયનું દૂધ હોય તો વાછરડાને પાઈ દઈએ છીએ ત્યારે ફૂલ નહિ તો ફૂલની પાંખડી ઓડાવાળી ખોડીયાર મા ની ગૌશાળામાં જેને દાનમાં આપવું હોય તેણે કનુભાઈ ધાખડાનો સંપર્ક કરવો જેથી અગાઉથી આવતા ટ્રક વગેરેની વ્યવસ્થા થઈ શકે અને પવિત્ર ૩૩ કરોડ ગાયોમાં વાસ છે અહીં ગાય ભાગ્યે જ બીમાર પડે તો પણ તાત્કાલિક સારવાર કરવામાં આવે. અહીંયા નદી, નાળા અને ડુંગરા સાથે ખેતરાળ વિસ્તાર હોવાથી સિંહનો વસવાટ છે પરંતુ શેષનારાયણ ગીરીબાપુનું કહેવું છે કે આ ગૌમાતાને સિંહો નજરે નિહાળે છતાં પણ હુમલો કે ગાયોનો ખોરાક કરતા નથી. ૨૦ વર્ષથી એક પણ ગાયને સિંહે મારણ કર્યુ નથી એમ સિંહોને પણ આ ગાયો માટે કેટલો પ્રેમ હશે કે સિંહ હજી સુધી ગાયનું મારણ કર્યુ નથી. સિંહ હવે ખાનદાન પ્રાણી છે તેવી સ્થિતિ આ વિસ્તારમાં જોવા મળે છે. અહીં અનેક દાતાઓ ઘણી માનતાઓ મૂકી ગયા બાપુ તો કહે છે બાપુ કહે કાલનું શું થવાનું ઘાસચારો નથી તો ઘાસચારાનું એ તો મારી માતાજી જાણે. સવાર પડે કોઈ કનું ટ્રેકટર આવી જાય, કોકનો ટ્રક આવી જાય, કોણ નાખતું હશે એ પણ માતાજી જાણે પણ મારી ગાય માતાને ભૂખ્યા રહેવા દેતા નથી. કોઈને કોઈ ઘાસચારો ઠાલવી દાન કરી ચાલ્યા જાય છે. ગાયોને ઠંડી ના લાગે તે માટે અનેક દાતાઓએ શેડ પણ બનાવ્યા. અમુક તો ગાયો માટે ઘટતી વસ્તુઓ પણ આવી જાય છે. બાપુના હરખાતા સ્વભાવ અને આટલી બધી ગાયો હોવાથી અહીં તો પૂજય મોરારીબાપુથી લઈને માયાભાઈ સાહિત્યકાર કે પછી રાજભા ગઢવી હોય કે માયાભાઈ આહીર પૂર્વ હોય કે ધારાસભ્ય અમરીશ ડેર હોય બાપુની આ ભગીરથ સેવા નિરીક્ષણ કરવા અને બાપુને મળવા તમામ સંતો પણ આશ્રમની અને ગૌશાળાની મુલાકાતે અવારનવાર આવે છે અને માયાભાઈ જેવાએ પોતાની વાડીએથી અનેક વખત ગાયો માટે ઘાસ મોકલ્યું છે. મોરારીબાપુએ પણ શેર નારાયણબાપુને આશ્રમે આવે ત્યારે સિસોટીવાળા બાપુ કહી અને સિસોટી વગાડવાનું પણ કહી સિસોટી સાંભળી અને રાજીપો વ્યકત કરે છે. સિસોટી વાળા બાપુ તરીકે મોરારીબાપુ બોલાવે છે ત્યારે આ વર્ષે હવે ગાયોની સંખ્યા પણ વધવામાં છે. ત્યારે આવી રહ્યો છે દાન કરવા માટેનો અને પુણ્ય તહેવાર એટલે મકરસંક્રાંતિને પંદર દિવસ બાકી રહ્યા છે. ત્યારે સરકારની સબસીડી સહાય વિના ચાલતી આ ગૌશાળા સાડા ચાર હજાર ગાયોનો આશ્રમ છે. ગાયોને પહોંચી વળવા માટે ઘાસની જરૂર હોય છે હાલ સાડા ચાર હજાર ગાયો જેવી રીતે ગાયોની ખૂબ સેવા મહંત શ્રી શેષનારાયણ બાપુ પોતે જ કરે છે. કયારેક પાણી પાતા હોય ત્યારે, ગાયો ચરવા જાય ત્યારે, નીરણ નાખતા હોય કયારેક પાણી પીવા લઈ જતા હોય અને કયારે મહંત કે પાળેલા કુતરાઓ કે અન્ય પ્રાણીઓ સાથે બેસી મોજ કરતા હોય છે. સિંગ, ચારો, જુવાર, ડુંગળીના પાંદડાનો ચારો, બાજરાનો ચારો, શેરડીનો ચારો કે ખોળ દાન કરી ગૌશાળા ગાય માતાના આશીર્વાદ મેળવવા શ્રી ઓડાવાળી ખોડીયારના મહંત શ્રી શેષનારાયણીરી ગાયમાતાના ભકત તેમજ કનુભાઈ ધાખડા દ્વારા દાન માટે અપીલ કરવામાં આવી છે.

# અમરેલી : રાષ્ટ્રીય કક્ષાએ કલાકારોનું અનોખું કલા પ્રદર્શન

અમરેલી, તા. ૩૧

તાજેતરમાં તા. ૧૬ થી ૨૦ ડિસે. દરમિયાન RIE – ભોપાલ (મ.પ્ર.) ખાતે યોજાયેલ 'ટોયઝ એન્ડ પપેટ આર્ટ વર્કશોપ'માં અમરેલી જિલ્લાના અને રાજયનું ગૌરવ વધારેલ છે. જેમાં ઉમેશ ચાવડા (ચલાલા), ભાવેશ બોરીસાગર (સા.કું.), ધર્મેશ ઠાકર (ખારા) એ પોતાની કલા દ્વારા સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. ભરત અગ્રાવત અમરેલી તથા રાઘવ કટકિયા (માંડવડા)એ પોતાની કલા સાથે સંયોજક તરીકે પણ કામગીરી સંભાળેલ. સમગ્ર વર્કશોપનું RIE ના કર્મઠ અધિકારી ડો. સુરેશ મકવાણાએ સફળ આયોજન કરેલ.

### એસપીની સુચનાથી એસઓજીની કામગીરી

# અમરેલી જિલ્લામાં અલગ–અલગ જગ્યાએથી ચાઈનીશ બનાવટની દોરી ઝડપાઈ

## રૂપિયા ૧૬૨૪૦નો મુદ્દામાલ કબ્જે થયો

અમરેલી, તા. ૩૧

અમરેલી જિલ્લામાં અલગ અલગ જગ્યાએથી ચાઈનીઝ બનાવટની પ્લાસ્ટીકની દોરીનું ગેરકાયદેસર વેચાણ કરતા ત્રણ ઈસમોને ચાઈનીઝ દોરી ફીરકી નંગ–૬૨ કિંમત રૂા. ૧૬,૨૪૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી અમરેલી એસ.ઓ.જી. પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.



અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતએ પ્લાસ્ટીક, સીન્થેટીક મટીરીયલ–ટોક્ષીક મટીરીયલ–લોખંડ પાઉડર–કાચ વિગેરેથી તૈયાર કરેલ પાકા દોરા જેમાં ખાસ કરીને ચાઈનીઝ બનાવટના દોરાનો ઉપયોગ કરવા કે તે હેતુથી વેચાણ કરવા માટે જિલ્લા મેજી. અમરેલી દ્વારા જાહેરનામુ બહાર પાડેલ હોય અને વેચાણ ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ હોય અને મકરસક્રાંતી તહેવારમાં પતંગો અને ચાઈનીઝ દોરી તથા ગુબારા પર્યાવરણ અને પક્ષીઓનુ જાનનુ ખુબ જ મોટુ જોખમ હોય. જે અન્વયે એસ.ઓ.જી. પોલીસ ઈન્સપેકટર આર.ડી. ચૌધરી તથા પોલીસ સબ ઈન્સપેકટર એન.બી. ભટ્ટ તથા એસ.ઓ.જી. ટીમને જરૂરી સુચના અને માર્ગદર્શન આપવામાં આવેલ હતું.

જે અનુસંધાને અમરેલી જિલ્લામાં એસ.ઓ.જી. ટીમ અલગ અલગ વિસ્તારો ખાતે પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત આધારે અમરેલી શહેર તથા વડિયા વિસ્તાર ખાતેથી અલગ અલગ ત્રણ ઈસમો પતંગ ઉડાવવા માટે પ્લાસ્ટીકની ચાઈનીઝ દોરીનુ વેચાણ કરે છે. તેવી હકિકત આધારે સદરહુ જગ્યાએ રેઈડ કરતા સરફરાજ ઉર્ફે ચીચો હનીફભાઈ નગરીયા (રહે. અમરેલી), ભવ્યરાજ મિલનભાઈ ચુડાસમા (રહે. વડિયા) તથા કેયુરભાઈ રાજેશભાઈ અનડા (રહે. સુરગપરા વડિયા) વાળા ત્રણ ઈસમને પતંગ ઉડાડવાની ચાઈનીઝ બનાવટની પ્લાસ્ટીકની દોરી ફીરકી નંગ–૬૨ કિંમત રૂા. ૧૬,૨૪૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

# બાબરામાં ઓમ સાંઈ કોમ્પ્યુટર કલાસીસ દ્વારા સીસીસી અને ટેલી પાસ વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ વિતરણ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં ઓમ સાઈ કોમ્પ્યુટર કલાસીસ (અને) શિક્ષણક્ષેત્રમાં છેલ્લા ૧૨ વર્ષથી કાર્ય કરતી સંસ્થા છે અહીં ઓમ સાઈ કોમ્પ્યુટર કલાસીસમાં સીસીસી અને ટેલી, પીજીડીસીએ, ફોટો શોપ, સી લેન્ગવેજ સહિતના કોર્સ વિદ્યાર્થીઓને પૂર્ણ શિક્ષણના હેતુ સાથે શીખવવામાં આવી રહ્યા છે. વરસ દરમિયાન અહીંથી ૨૦૦ થી વધારે વિદ્યાર્થીઓ સીસીસી અને ટેલીના કોર્સનું જ્ઞાન મેળવી આગળ વધી રહ્યા છે આ ઓમ સાઈ કોમ્પ્યુટર કલાસીસ રાજયમાં ત્રીજા નંબરનું સ્થાન ધરાવે છે એ આઈ સી ઈ એસની માન્યતા પણ ધરાવે છે. ત્યારે અહીં કોમ્પ્યુટર કોર્ચ પૂર્ણ કરેલ ૮૦ વિદ્યાર્થીઓને સીસીસી અને ટેલી કોર્સના સર્ટિફિકેટ કોમ્પ્યુટરના નિષ્ણાત શાંનભાઈ ગાંગાણી અને પત્રકાર પંકજભાઈ ઈન્દ્રોડિયાના વરદ હસ્તે એનાયત કરવામાં આવ્યા હતાં. આ તકે કલાસિસનાં સંચાલક જયરાજભાઈ બસીયા અને નેશાદભાઈ ગાંગાણી દ્વારા સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

# અમરેલીમાં દિવસ-રાત પાલિકા દ્વારા સ્વચ્છતા અભિયાન શરૂ



અમરેલી પાલિકા અનેક સુવિધાને લઈને ભલે વિવાદમાં રહેતી હોય પરંતુ શહેરીજનોનાં સદનસીબે શહેરનાં તમામ રાજમાર્ગો ઉપર દિવસ–રાત યોગ્ય રીતે સ્વચ્છતા અભિયાન ચાલી રહ્યું છે. થોડા મહિના પહેલા દેશભરમાં સ્વચ્છતા અભિયાન યોજાયું અને બાદમાં નિયમિત ગતિએ કામ શરૂ થયું. જિલ્લામાં એકમાત્ર અમરેલીમાં જાહેર સ્થળો ઉપર સ્વચ્છતા અભિયાનની કામગીરી થતાં હજારો નિરાશા વચ્ચે આશાનું એક કિરણ જોવા મળી રહ્યું છે.

જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીનાં જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ ગ્રાઉન્ડ ફ્લોરની દુકાન નં.૧૩૭ વેચવાની છે.
:: સંપર્ક કરો ::
શ્રી જેરામભાઇ સોહલીયા
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

## ટીંબીની નિંર્દોષાનંદજી હોસ્પિટલને અનુદાન આપનાર સંતનુ સન્માન



અમરેલી, તા. ૩૧

ટીંબી સ્વામીશ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પીટલ વખતો વખત અનુદાન આપી અન્યોને પ્રેરણા આપનાર નેસડી ખોડલધામ જગ્યાના વંદનિય સંત લવજીબાપુનું નેસડી ખોડલધામ જગ્યામાં વંદન સહ સન્માન કરી આશિર્વાદ મેળવી ધન્યતા અનુભવતા હોસ્પીટલના સ્થાપક ટ્રસ્ટી બી એલ રાજપરા અને ટ્રસ્ટી કનુભાઈ ભીંગરાડીયા.

## ખાંભા તાલુકા ભાજપ પ્રમુખ તરીકે આનંદ ભટ્ટની નિમણુંક



તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા

ખાંભા, તા. ૩૧

અમરેલી જિલ્લા યુવા ભાજપના પૂર્વ પ્રમુખ અને અમરેલી જિલ્લા બ્રહ્મસમાજના આગેવાન આનંદ ભટ્ટની ખાંભા તાલુકા ભાજપના પ્રમુખ તરીકે નિમણુક કરવામાં આવી છે. આનંદ ભટ્ટ છેલ્લા ૨૦ વર્ષથી ભારતીય જનતા પાર્ટી સાથે જોડાયેલા છે અનેક ચુંટણીમાં મહત્વની ભૂમિકા ભજવી છે. ત્યારે પક્ષે તેમના સિરે ખાંભા તાલુકા ભાજપ પ્રમુખનો હોદ્દો આપ્યો છે. અમરેલી નાસાંસદ, ધારાસભ્યઓ, જિલ્લા પંચાયતના સદસ્ય સહિત રાજકીય સામાજિક આગેવાનો આનંદ ભટ્ટને શુભકામના આપી રહ્યા છે. દરેક લોકોને સમજનાર અને દરેકની સાથે રહેનાર આનંદ ભટ્ટ પર શુભકામનાનો ધોધ શરૂ થયો છે.

## અમરેલીની આર્ટસ એન્ડ સાયન્સ કોલેજમાં સ્પર્ધાત્મક પરીક્ષાનાં નિઃશુલ્ક વર્ગનો પ્રારંભ



અમરેલી, તા. ૩૧

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કમાણી સાયન્સ કોલેજ અને પ્રતાપરાય આર્ટસ કોલેજ ખાતે BCA વિભાગમાં સ્પર્ધાત્મક પરીક્ષાના નિઃશુલ્ક વર્ગ સરકારી યોજનાના ધોરણે નક્ષત્ર એકેડેમી રાજકોટ દ્વારા દરરોજ કોલેજનો ટાઈમ પૂરો થયા પછી રાખવામાં આવશે. BCA વિભાગના કો–ઓર્ડીનેટર અભિષેકભાઈ જોશી અને HOD વિપુલભાઈ બાલધા એ વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાનો લાભ અમરેલી જ મળી રહે તેવા પ્રયત્ન કરેલ છે. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખુંટ, મનસુખભાઈ ધાનાણી તથા કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ દરેક સ્ટુડન્ટ આ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કોલેજમાં કરી સંસ્થા પરિવારનું નામ રોશન કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી.







જોઈએ છે
કોમ્પ્યુટર ઓપરેટર..........૨
CorelDraw, Photoshop, PageMaket-7,
તથા ગુજરાતી ટાઈપીંગનાં અનુભવી
અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યક્તિઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨ : ૩૦ થી ૧ : ૩૦
અમરેલી એક્સપ્રેસ
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.




ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦









### ચોથી જાન્યુઆરીથી હિમવર્ષા અને વરસાદ પડશે

# ધુમ્મસ, કડકડતી ઠંડીમાં નવા વર્ષની ઉજવણી ઠૂંઠવાશે

**જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ સહિતનાં રાજ્યોમાં અનેક સ્થળોએ તાપમાન શૂન્યથી નીચે પહોંચી ગયું:દિલ્હીમાં તાપમાન સામાન્યથી નીચું**

નવી દિલ્હી, તા.૩૧

દેશમાં ઠંડીનો પ્રકોપ વધવા લાગ્યો છે. હવે સ્થિતિ એવી છે કે પૂર્ણ થતાં અને નવા વર્ષની ઉજવણીના રંગમાં ભંગ પડી શકે છે. હવામાન વિભાગે ઉત્તર-પશ્ચિમ ભારત માટે આ બન્ને દિવસો માટે ગાઢ ધુમ્મસની ચેતવણી જારી કર્યુ છે. આવી સ્થિતિમાં ઉત્સવનો ઉત્સાહ મંદ થવાની પૂરેપૂરી સંભાવના છે. આની સાથે સાથે હવામાન વિભાગે ચાર જાન્યુઆરીની રાત્રિથી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની સંભાવના વ્યક્ત કરી છે. જેના કારણે દેશના અનેક ભાગોમાં આશરે ચાર દિવસ સુધી વરસાદ પડશે. જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડ જેવા રાજ્યોમાં હિમવર્ષાને કારણે સ્થિતિ વધુ વણસે તેવી પૂરેપૂરી સંભાવના છે. હવામાન વિભાગે જારી કરેલા અપડેટ્સ મુજબ ૩૦ ડિસેમ્બરની મોડી રાત્રિના કલાકો દરમિયાન હરિયાણા, પંજાબ અને ચંડીગઢના ભાગોમાં ગાઢથી ખૂબ ગાઢ ધુમ્મસની સ્થિતિ પ્રવર્તે તેવી અપેક્ષા છે. આ ગાળામાં રાજસ્થાનના અનેક ભાગોમાં આકરી ઠંડી પડે તેવી સંભાવના છે. આઈએમડીએ ઠ પર લખ્યું છે કે ‘તાજેતરના સેટેલાઈટ ઈમેજિસમાં દક્ષિણ જમ્મુ, પંજાબ, હરિયાણા, દિલ્હી, ઉત્તર રાજસ્થાન, મધ્યપ્રદેશ, પશ્ચિમ અને દક્ષિણ ઉત્તર પ્રદેશ, દક્ષિણ હિમાચલ પ્રદેશ, દક્ષિણ ઉત્તરાખંડ, દક્ષિણ પશ્ચિમ બિહાર, પશ્ચિમ ઝારખંડ, ઉત્તર છત્તીસગઢ અને પૂર્વ ગુજરાતમાં ધુમ્મસનું સ્તર મળી આવ્યું છે.’હવામાન વિભાગે જણાવ્યું છે કે હરિયાણા, ચંડીગઢ અને રાજસ્થાનના અલગ-અલગ વિસ્તારોમાં ઠંડીથી ગંભીર ઠંડીની સ્થિતિ જોવા મળી હતી અને ખૂબ ગાઢ ધુમ્મસ સર્જાઇ હતી. જમ્મુ અને કાશ્મીર અને લદાખના ઘણા ભાગોમાં લઘુત્તમ તાપમાન ૦ ડિગ્રી સેલ્સિયસથી નીચે જોવા મળ્યું હતું. ઉત્તર પશ્ચિમ ભારતમાં લઘુત્તમ તાપમાન ૬ ડિગ્રી સેલ્સિયસથી ૧૨ ડિગ્રી સેલ્સિયસ, મધ્ય પશ્ચિમ અને પૂર્વ ભારતના ભાગોમાં ૧૨ ડિગ્રી સેલ્સિયસ અને ૧૮ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.હવામાન વિભાગે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે પહેલીથી પાંચ જાન્યુઆરી સુધી પશ્ચિમી હિમાલય વિસ્તારમાં વરસાદ કે હિમવર્ષાની આગાહી કરી છે. જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં અનેક સ્થળોએ ૩૧ ડિસેમ્બરે કોલ્ડવેવની ચેતવણી જારી કરાઈ છે.

ગુલમર્ગમાં તાપમાન માઈનસ ૧૦, પહેલગામમાં માઈનસ ૯.૨ ડિગ્રી પહોંચી ગયું હતું.આગાહી મુજબ, નવા વર્ષના પ્રથમ દિવસે (જાન્યુઆરી ૧) પશ્ચિમ ઉત્તર પ્રદેશ, પૂર્વ અને પશ્ચિમ મધ્ય પ્રદેશના અલગ-અલગ સ્થળો પર કોલ્ડવેવની સ્થિતિ સંભવ છે. હિમાચલ પ્રદેશ અને પૂર્વોત્તર રાજ્યોમાં ધુમ્મસ અને હિમવર્ષા થવાની શક્યતા છે. બીજી જાન્યુઆરીએ પણ આ જ સ્થિતિ રહેવાની સંભાવના વ્યક્ત કરાઈ છે. કાશ્મીરના ગુલમર્ગ અને પહેલગામમાં શીત લહેરોની સ્થિતિ વધુ તીવ્ર બની હતી જ્યાં પારો ફ્રીઝિંગ પોઈન્ટથી કેટલાક ડિગ્રી નીચે ગયો હતો. જોકે ખીણના બાકીના ભાગોમાં આકરી ઠંડીથી થોડીક રાહત મળી હતી.

હાલમાં કાશ્મીર ૨૧ ડિસેમ્બરથી શરૂ થતાં ઠંડીનો આકરો સમય ‘ચિલ્લઈ કલાન’માંથી પસાર થઈ રહ્યું છે. આ ૪૦ દિવસમાં હિમવર્ષાની સંભાવના વધુ હોય છે. હિમાચલ પ્રદેશમાં ભારે હિમવર્ષાનો અહેવાલ છે. જેને કારણે અનેક માર્ગો બંધ થઈ ગયા છે. રોહતાંગ પાસનો માર્ગ હિમવર્ષાને કારણે બંધ કરી દેવાયો છે. જાલોરી પાસ પણ બંધ કરાયો છે. અટલ ટનલ રોડ પર પણ માર્ગ વ્યવહાર ખોરવાયો છે.

### AIMIM દિલ્હીમાં જોરદાર લડાઈ લડી રહી છે : ઔવેસી

# યુપી સરકાર મુસ્લિમો પર શંકા કરી રહી છે: ઓવૈસી

**અસદુદ્દીન ઔવૈસીએ ભાજપ સરકારની ટીકા કરી યુપી સરકાર કહ્યું છે કે સંભલમાં મુસ્લિમો પર શંકા કરવામાં આવી રહી છે**

નવી દિલ્હી, તા.૩૧

AIMIM અસદુદ્દીન ઓવૈસીએ સંભલ હિંસા અંગે ઉત્તર પ્રદેશની ભાજપ સરકારની ટીકા કરી ‘યુપી સરકાર મુસ્લિમો પર શંકા કરી રહી છે’, ઓવૈસી સંભલ જામા મસ્જિદની સામે પોલીસ ચોકી ઉભી કરવા પર નારાજ, એસપી પર પણ નિશાન સાધ્યું છે.અસદુદ્દીન ઓવૈસીએ સંભલમાં જામા મસ્જિદની સામે પોલીસ ચોકી સ્થાપવા માટે ઉત્તર પ્રદેશ સરકાર પર ઉગ્ર નિશાન સાધ્યું છે. રાજ્ય સરકાર પર પ્રહાર કરતા ઓવૈસીએ કહ્યું કે સંભલમાં પાંચ નિર્દોષ લોકો માર્યા ગયા. સરકારે અહીં મુસ્લિમ વિસ્તારોમાં શાળાઓ બનાવવી જોઈએ, પરંતુ સરકારની માનસિકતા સાંપ્રદાયિક છે.અસદુદ્દીન ઓવૈસીએ ભાજપ સરકારની ટીકા કરી ‘યુપી સરકાર કહ્યું છે કે સંભલમાં મુસ્લિમો પર શંકા કરવામાં આવી રહી છે. પ્રશ્ન કરતા ઓવૈસીએ કહ્યું કે આ વિસ્તારમાં જે પાંચ લોકોના મોત થયા છે તેના માટે કોણ જવાબદાર છે? મુસ્લિમોને ઘણી સુવિધાઓ આપવામાં આવી રહી નથી. યુપીમાં મસ્જિદની સામે પોલીસ ચોકી બનાવવામાં આવી રહી છે. માત્ર સરકાર જ નહીં પરંતુ સમાજવાદી પાર્ટી પર પણ નિશાન સાધતા ઓવૈસીએ કહ્યું કે સપાએ જણાવવું જોઈએ કે 2013માં મુઝફ્ફરનગરમાં શું થયું હતું.અનેક રમખાણો અને હુમલાઓનો ઉલ્લેખ કરતા અસદુદ્દીન ઓવૈસીએ સવાલો પૂછ્યા કે શીખ રમખાણો ક્યારે થયા હતા. એટલું જ નહીં શીખ રમખાણોમાં સામેલ લોકોને ટિકિટ આપવામાં આવી હતી. માલેગાંવની ઘટના કોની સરકાર દરમિયાન બની હતી? દિલ્હી વિધાનસભા ચૂંટણીને લઈને ઓવૈસીએ કહ્યું કે તેમની પાર્ટી તાકાતથી લડી રહી છે.

### કોંગ્રેસ, ભાજપ અને આમ આદમી પાર્ટીએ પોતાની વ્યૂહનીતિઓ તૈયાર કરી લીધી

# CM આતિશી સામે ચૂંટણી લડશે અલકા લાંબા! કાલકાજી બેઠક પર થશે રસપ્રદ મુકાબલો

**પ્રાપ્ત માહિતી પ્રમાણે કોંગ્રેસ નેતૃત્વએ સમજાવ્યા બાદ અલકા લાંબા ચૂંટણી લડવા માટે તૈયાર થઈ ગયા છે**

નવીદિલ્હી,તા.૩૧

દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે કોંગ્રેસ, ભાજપ અને આમ આદમી પાર્ટીએ પોતાની વ્યૂહનીતિઓ તૈયાર કરી લીધી છે. આમ આદમી પાર્ટીએ તો તમામ ૭૦ બેઠકો પર ઉમેદવારોનું એલાન પણ કરી દીધુ છે. બીજી તરફ કોંગ્રેસે પણ દિલ્હીની સત્તા હાંસલ કરવા માટે એડી ચોટીનું જોર લગાવી દીધુ છે. જેમાં કાલકાજી બેઠક ખૂબ ચર્ચામાં છે, કારણ કે ત્યાંથી મુખ્યમંત્રી આતિશી ચૂંટણી મેદાનમાં છે. બીજી તરફ કોંગ્રેસે સત્તાવાર રૂપે અહીંથી હજુ ઉમેદવારનું એલાન નથી કર્યું પરંતુ અલકા લાંબાના નામ પર મહોર લાગી ચૂકી છે. તમને જણાવી દઈએ કે કોંગ્રેસે અત્યાર સુધીમાં ૪૭ બેઠકો પર પોતાના ઉમેદવાર જાહેર કરી દીધા છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે કોંગ્રેસ નેતૃત્વએ સમજાવ્યા બાદ અલકા લાંબા ચૂંટણી લડવા માટે તૈયાર થઈ ગયા છે. ગયા અઠવાડિયે કોંગ્રેસ કેન્દ્રીય ચૂંટણી સમિતિએ કાલકાજી બેઠક પરથી મહિલા કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ અલકા લાંબાની ઉમેદવારી મહોર લગાવી દીધી હતી પરંતુ તેઓ ચૂંટણી લડવા માટે તૈયાર નહોતા. આ કારણોસર કોંગ્રેસની બીજી યાદીમાં કાલકાજી બેઠકનો ઉલ્લેખ કરવામાં નહોતો આવ્યો.

દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે કોંગ્રેસ, ભાજપ અને આમ આદમી પાર્ટીએ પોતાની વ્યૂહનીતિઓ તૈયાર કરી લીધી છે. આમ આદમી પાર્ટીએ તો તમામ ૭૦ બેઠકો પર ઉમેદવારોનું એલાન પણ કરી દીધુ છે. બીજી તરફ કોંગ્રેસે પણ દિલ્હીની સત્તા હાંસલ કરવા માટે એડી ચોટીનું જોર લગાવી દીધુ છે.

જેમાં કાલકાજી બેઠક ખૂબ ચર્ચામાં છે, કારણ કે ત્યાંથી મુખ્યમંત્રી આતિશી ચૂંટણી મેદાનમાં છે. બીજી તરફ કોંગ્રેસે સત્તાવાર રૂપે અહીંથી હજુ ઉમેદવારનું એલાન નથી કર્યું પરંતુ અલકા લાંબાના નામ પર મહોર લાગી ચૂકી છે. તમને જણાવી દઈએ કે કોંગ્રેસે અત્યાર સુધીમાં ૪૭ બેઠકો પર પોતાના ઉમેદવાર જાહેર કરી દીધા છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે કોંગ્રેસ નેતૃત્વએ સમજાવ્યા બાદ અલકા લાંબા ચૂંટણી લડવા માટે તૈયાર થઈ ગયા છે. ગયા અઠવાડિયે કોંગ્રેસ કેન્દ્રીય ચૂંટણી સમિતિએ કાલકાજી બેઠક પરથી મહિલા કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ અલકા લાંબાની ઉમેદવારી મહોર લગાવી દીધી હતી પરંતુ તેઓ ચૂંટણી લડવા માટે તૈયાર નહોતા. આ કારણોસર કોંગ્રેસની બીજી યાદીમાં કાલકાજી બેઠકનો ઉલ્લેખ કરવામાં નહોતો આવ્યો. અલકા લાંબા ચાંદની ચોક બેઠક પરથી આમ આદમી પાર્ટીના ધારાસભ્ય રહી ચૂક્યા છે. ગત વખતે કોંગ્રેસની ટિકીટ પર ચાંદની ચોક વિધાનસભાથી ચૂંટણી લડ્યા હતા અને આ વખતે પણ એ જ બેઠક માટે દાવો કરી રહ્યા હતા. પરંતુ કોંગ્રેસે ચાંદની ચોકથી મુદિત અગ્રવાલને ટિકિટ આપીને અલકા લાંબાને આતિશી સામે મેદાનમાં ઉતારવાનો નિર્ણય લીધો છે.

કોંગ્રેસ દિલ્હીમાં મહિલા ઝસ્ની સામે તેમનો સૌથી મોટો મહિલા ચહેરો ચૂંટણી મેદાનમાં ઉતારીને આમ આદમી પાર્ટીને પડકાર આપવા માગે છે. આ વ્યૂહરચના હેઠળ સંદીપ દીક્ષિતને નવી દિલ્હી બેઠક પરથી અરવિંદ કેજરીવાલ સામે મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. કોંગ્રેસે જંગપુરા વિધાનસભા બેઠક પરથી દિલ્હીના પૂર્વ ઉપમુખ્યમંત્રી મનીષ સિસોદિયા સામે ફરહાદ સૂરીને મેદાનમાં ઉતાર્યા છે.

### પોલીસકર્મચારીઓ માટે આવ્યા ખુશીના સમાચાર

# ૨૪૦ એએસઆઇ ખાતાકીય બઢતી પરીક્ષા ઉતીર્ણ થતાં તેમને બઢતી આપવામાં આવી

**ચાલુ વર્ષે પી.એસ.આઇ થી લઈને કલેરિકલ સ્ટાફ મળીને કુલ ૬૭૭૦ કર્મચારીઓને બઢતી અપાતા પોલીસ કર્મચારીગણમાં આનંદ ફેલાયો છે**

ગાંધીનગર,તા.૩૧

ગુજરાત પોલીસ વિભાગના પોલીસ કર્મચારી-અધિકારીઓને સંવર્ગવાર સમયસર બઢતી મળી રહે તે માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. સમયસર બઢતી મળતા પોલીસ કર્મચારીઓના મનોબળમાં પણ વધારો થયો છે. ગઈ કાલે તા.૩૦ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ વધુ ૨૪૦ એએસઆઇ ખાતાકીય બઢતી પરીક્ષા ઉતીર્ણ થતાં તેમને બઢતી આપવામાં આવી છે. ચાલુ વર્ષે પી.એસ.આઇ થી લઈને કલેરિકલ સ્ટાફ મળીને કુલ ૬૭૭૦ કર્મચારીઓને બઢતી અપાતા પોલીસ કર્મચારીગણમાં આનંદ ફેલાયો છે. કર્મચારીની બઢતી તેનામાં નવી ઉર્જાનો સંચાર કરીને કાર્યક્ષમતા વધારવામાં તો મહત્વનો ભાગ ભજવે જ છે, ઉપરાંત કર્મચારીની બઢતી સમગ્ર પરિવારને પણ સ્પર્શતો મુદ્દો છે. તેથી રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય દ્વારા આ બાબતને ખુબ જ સંવેદનાથી લઈ પોલીસ કર્મચારીઓની બઢતી માટે તમામ જરૂરી સંલગ્ન પ્રક્રિયાઓ સમયસર કરવા આદેશો આપવામાં આવ્યા છે. જેના પરિણામસ્વરૂપે ગુજરાત પોલીસ વિભાગમાં ચાલુ વર્ષે કુલ ૬૭૭૦ પોલીસ કર્મચારી-અધિકારીઓને બઢતી મળતા તેમના પરિવારમાં ખુશીનો માહોલ સર્જાયો છે. આ નિર્ણયથી પોલીસ કર્મચારીઓમાં નવી ઉર્જાનો સંચાર થયો છે અને તેઓ વધુ સમર્પણભાવે ફરજ બજાવવા માટે પ્રેરાયા છે. વર્ષ-૨૦૨૪માં અત્યાર સુધીમાં ૩૪૧ પી.એસ.આઈને પી.આઈ, ૩૯૭ એ.એસ.આઈને પી.એસ.આઈ, ૨૪૪૫ હેડ કોન્સ્ટેબલને એ.એસ.આઈ અને ૩૩૫૬ પોલીસ કોન્સ્ટેબલને હેડ કોન્સ્ટેબલ તરીકે બઢતી આપવામાં આવી છે. આ ઉપરાંત, ૨૩૧ ક્લેરીકલ સ્ટાફને પણ બઢતીનો લાભ મળ્યો છે. રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયના મજબૂત નેતૃત્વ હેઠળ પોલીસ કર્મચારીઓને પ્રોત્સાહિત કરવા માટે અનેક પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે, ત્યારે પોલીસ કર્મચારીઓને બઢતી આપવાનો ઉદ્દેશ્ય માત્ર તેમના વાજબી હકને સમ્માન કરવો જ નહીં, પરંતુ તેમના ઉત્સાહ અને કાર્યક્ષમતામાં વધારો કરવાનો છે. આ નિર્ણયથી રાજ્યની લૉ એન્ડ ઓર્ડર વ્યવસ્થામાં વધુ મજબૂતી આવશે.

### નીતિશ કુમાર ફરી પલટશે?

# PM મોદીને મળવા દિલ્હી પહોંચ્યા પણ નિરાશા, રાહુલ ગાંધીનું JDUને આમંત્રણ

**પૂર્વ સાથી અને રાષ્ટ્રીય જનતા દળના નેતા તેજસ્વી યાદવે જેડી(યુ)ના વરિષ્ઠ નેતા માટે દરવાજા કાયમી બંધ કરવાનું સત્તાવાર નિવેદન આપ્યું છે**

બિહાર,તા.૩૧

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીની ટીમે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારને ’ઈન્ડિયા’ ગઠબંધનમાં જોડાવા આમંત્રણ આપતા નીતિશ કુમાર ફરી ભાજપનો સાથ છોડી વિરોધી ગઠબંધનમાં જોડાશે એવી વાતો વહેતી થઈ છે. જો કે, પૂર્વ સાથી અને રાષ્ટ્રીય જનતા દળના નેતા તેજસ્વી યાદવે જેડી(યુ)ના વરિષ્ઠ નેતા માટે દરવાજા કાયમી બંધ કરવાનું સત્તાવાર નિવેદન આપ્યું છે. ગત સપ્તાહે ભાજપના અધ્યક્ષ જે. પી. નડ્ડા અને ગૃહ મંત્રી અમીત શાહે બોલાવેલી બેઠકમાં નીતિશ કુમાર હાજર રહેલા નહીં તો આજે તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને રૂબરૂ મળવા પહોંચ્યાની વાતો સામે આવી છે. એનડીએ અને કોંગ્રેસના નેતૃત્વ હેઠળના ગઠબંધનોમાં કૂદાકૂદ કરનારા નીતિશ કુમાર ’પલ્ટુ’ તરીકે ખ્યાતનામ છે. છેલ્લા ચાર મહિનાથી- બિહારને વિશિષ્ટ રાજયનો દરજ્જો આપવા કે ડૉ. બાબાસાહેબ આંબેડકર અંગેના ગૃહમંત્રીના વિવાદિત નિવેદન- દરેક મામલે જેડીયુ ભાજપ સાથે છેડો ફાડે એવા અહેવાલો સતત આવતા રહે છે. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર ફરી એક વાર પલટી મારીને ભાજપને છોડીને રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી) સાથે હાથ મિલાવી લે એવી શક્યતા છે.

નીતિશ અમિત શાહ દ્વારા ડો. બાબાસાહેબના અપમાન અને કેન્દ્રીય બજેટમાં બિહારને અન્યાયના મુદ્દે ૧ ફેબ્રુઆરી પછી ભાજપને છોડીને ફરી તેજસ્વી યાદવ સાથે મળીને સરકાર રચશે એવું કહેવાય છે. કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે તાજેતરમાં નિવેદન આપેલું કે, બિહાર વિધાનસભાની ચૂંટણીમાં નીતિશ કુમાર એનડીએના મુખ્યમંત્રીપદના ઉમેદવાર નથી અને ચૂંટણી પછી ધારાસભ્યો કોણ મુખ્યમંત્રી બનશે એ નક્કી કરશે.

નીતિશ કુમાર શાહના નિવેદનથી ભડકી ગયા છે. નીતિશ કુમારને લાગી રહ્યું છે કે, ભાજપે મહારાષ્ટ્રમાં એકનાથ શિંદે કોરાણે મૂકી દીધા એ રીતે હવે પોતાને પણ વાપરીને હડસેલી દેવાની ફિરાકમાં છે અને અમિત શાહ આ યોજનાના સૂત્રધાર છે. નીતિશે ભાજપ પોતાને ફેંકી દે એ પહેલાં ભાજપને ફેંકી દેવાની યોજના ઘડી કાઢી છે. નીતિશ કુમારે નરેન્દ્ર મોદીને પત્ર લખીને બાબાસાહેબ આંબેડકરના કથિત અપમાન મુદ્દે નારાજગી વ્યક્ત કરી છે અને શાહ માફી માગે એવી માગણી કરી છે. નીતિશ કુમારે બિહારમાં પ્રગતિ યાત્રા કાઢી તેમાં પણ ડો. બાબાસાહેબ આંબેડકરને મહત્વ આપ્યું છે. જેડીયુના કાર્યકરો બાબાસાહેબની તસવીરો સાથે યાત્રામાં હાજરી આપી રહ્યા છે અને નીતિશ કુમાર જ્યાં પણ બાબાસાહેબની તસવીર જુએ કે તરત માથું નમાવીને નમસ્કાર કરે છે.

નીતિશે ૧ ફેબ્રુઆરીના રોજ રજૂ થનારા બજેટમાં બિહારને સ્પેશિયલ સ્ટેટનો દરજ્જો આપવાની માગણી પણ ઉઠાવી છે. મોદી સરકાર આ માગણી સ્વીકારે શકે તેમ નથી તેથી નીતિશને ભાજપને છોડવાનું બહાનું મળી જશે.

સીએમપદ પાક્કું કરવા નીતિશકુમાર પીએમ મોદીને મળ્યાની અટકળો બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર પાંચ દિવસ પહેલાં મળેલી એનડીએની બેઠકમાં હાજર રહ્યા ન હતા, પરંતુ અચાનક તેમણે દિલ્હીમાં ધામા નાખ્યા છે એટલે જાત-ભાતની અટકળો ચાલી રહી છે. એક અટકળ એવી છે કે નીતિશ મોદીને મળશે. ગૃહમંત્રી અમિત શાહ, ગિરિરાજ સિંહ, સમ્રાટ ચૌધરી વગેરે બિહારના સીએમપદના નામે મગનું નામ મરી પાડતા નથી. આ બધા જ નેતાઓના નિવેદનનો સૂર એવો ઉઠે છે કે ચૂંટણી પછી સીએમનું નામ નક્કી કરીશું. અથવા તો એ બાબતે હજુ સુધી કંઈ વિચાર્યું નથી. આવા નિવેદનો પછી નીતિશ કુમારે હવે મોદીને મળીને ફાઈનલ કરવાનો રસ્તો અપનાવ્યો છે. પીએમ મોદી તેમને આગામી ચૂંટણી પછી સીએમ પદ માટે આશ્વાસન આપી દેશે તો નીતિશ એનડીએમાં રહેશે. નહીંતર ફરીથી નવાજૂની કરશે એવી ચર્ચા દિલ્હીમાં ચાલી રહી છે.

બિહારના નાયબ મુખ્યમંત્રી વિજય કુમાર સિંહાએ ૨૫ ડીસેમ્બરે અટલ બિહારી વાજપેયીના જન્મદિને યોજાયેલા કાર્યક્રમમાં ભાજપનો પ્લાન શું છે એ છતું કરી દીધું હતું. સિંહાએ કહ્યું હતું કે, બિહારમાં ભાજપ એકલા હાથે સરકાર રચે એ વાજપેયીજીને અપાયેલી સાચી શ્રધ્ધાંજલિ હશે. સિંહાએ કહેલું કે, જંગલરાજ કરનારા લોકો હજુ બિહારમાં અરાજકતા ફેલાવી રહ્યા છે અને ભાજપની સરકાર આવશે ત્યારે જ તેમના પર સંપૂર્ણ અંકુશ આવશે. સિંહાએ આડકતરી રીતે નીતિશ કુમાર બિહારમાં કાયદો અને વ્યવસ્થા જાળવવામાં સંપૂર્ણ નિષ્ફળ ગયા હોવાનો આક્ષેપ કરી દીધો હતો. સિંહાની વાતોથી ભડકેલા જેડીયુએ ભાજપના નેતાઓને આડે હાથ લઈ લીધા. તેના કારણે સિંહાએ કલાક પછી સ્પષ્ટતા કરવી પડેલી કે, ૨૦૨૫ની ચૂંટણીમાં એનડીઓનું નેતૃત્વ નીતિશ કુમાર જ કરશે.

### કોંગ્રેસે રૂપિયાના મૂલ્યમાં ઘટાડાના મુદ્દે મોદી સરકાર પર હુમલો કર્યો

# પીએમ મોદી ડોલર સામે ઘટતા રૂપિયા અંગે મૌન : કોંગ્રેસ

**વડાપ્રધાને ૨૦૧૩માં ભારતીય ચલણના ઘટાડા અંગે યુપીએ સરકારની ટીકા કરી હતી: જયરામ રમેશ**

નવી દિલ્હી, તા.૩૧

કોંગ્રેસે રૂપિયાના મૂલ્યમાં ઘટાડાના મુદ્દે મોદી સરકાર પર હુમલો કર્યો છે. પક્ષે સોમવારે જણાવ્યું હતું કે, યુપીએની સરકાર વખતે રૂપિયાનું મૂલ્ય ઘટ્યું ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહન સિંઘ પર વ્યક્તિગત હુમલા કર્યા હતા, પણ અત્યારે તેમના શાસન કાળમાં નબળા પડી રહેલા ભારતીય ચલણ અંગે તે મૌન છે.એઆઈસીસીના જનરલ સેક્રેટરી (કમ્યુનિકેશન્સ) જયરામ રમેશે ૨૦૧૩માં મોદીના શબ્દોને યાદ કર્યા હતા. એ વખતે મોદીએ દાવો કર્યો હતો કે, “યુપીએની નેતાગિરી દિશાહીન બની છે. તેને દેશના રક્ષણ કે ચલણના મૂલ્યની કોઈ ચિંતા નથી. તે પોતાની ખુરશી બચાવવા માટે ચિંતિત છે.” રમેશે ભૂતકાળને યાદ કરતા જણાવ્યું હતું કે, “એ સમયે ગુજરાતના મુખ્યમંત્રીએ ૨૦૧૪માં ડોલર સામે રૂપિયાના મૂલ્યમાં ઘટાડા અંગે રાજકીય લાભ મેળવવા વડાપ્રધાન મનમોહન સિંઘ પર વ્યક્તિગત હુમલા કર્યા હતા. ૧૬ મે, ૨૦૧૪ના રોજ રૂપિયટ્ઠ ડોલર સામે રૂ.૫૮.૫૮ના સ્તરે બંધ રહ્યો હતો. જોકે, દસ વર્ષ પછી રૂપિયો ૮૫.૨૭ની અત્યાર સુધીની સૌથી નીચી સપાટીને સ્પર્શ્યો છે.”કોંગ્રેસના જનરલ સેક્રેટરી જયરામ રમેશે પ્રશ્ન કર્યો હતો કે, “રિઝર્વ બેન્કે રૂપિયાને સ્થિર કરવા માટે અબજો ડોલરના વિદેશી હૂંડિયામણનો ઉપયોગ કર્યો છે. અત્યાર સુધીમાં કેટલાક અબજ વપરાયા છે? વડાપ્રધાન પાસે અત્યારે કોઈ શબ્દો નથી. આપણે તેમને ૨૦૧૩ના તેમના શબ્દો યાદ અપાવીએ. તે બોલ્યા હતા કે, ‘એ આપણું કમનસીબ છે કે દિલ્હીની સરકાર (યુપીએ) દેશના રક્ષણ કે ઘટતા રૂપિયાના મૂલ્ય અંગે ચિંતિત નથી. સંકટ આવતા હોય છે, પણ સંકટમાં નેતાગિરી દિશાહીન, નિરાશાવાદી હોય તો સંકટ ગંભીર બને છે.” ઉલ્લેખનીય છે કે, સોમવારે રૂપિયો પ્રારંભિક સત્રમાં ડોલર સામે ૪ પૈસા ઘટીને ૮૫.૫૨ના સ્તરને સ્પર્શ્યો હતો.

# ડો. મનમોહનસિંહને શ્રદ્ધાંજલિ પાઠવી પ્રાર્થના સભાનું આયોજન

**ડો. મનમોહનસિંહજીની ચિરવિદાયથી સમગ્ર દેશભરમાં શોકનું મોજુ છવાયેલું છે**

અમદાવાદ,તા.૩૧

ભારતના ઈતિહાસમાં સૌથી ખ્યાતનામ અર્થશાસ્ત્રી અને પૂર્વ વડાપ્રધાન આદરણીય ડૉ. મનમોહનસિંહજીના નિધન નિમિત્તે આયોજીત પ્રાર્થના સભામાં સર્વસમાજ તેમજ વિવિધ સામાજીક, ધાર્મિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, વિવિધ એસોસીએશન, તંત્રી-પત્રકાર મિત્રો, રાજકીય પક્ષના પ્રતિનિધિઓ, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને નગરજનોએ પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહજીને પ્રાર્થના સભામાં શ્રધ્ધાંજલી અર્પી હતી. ડૉ. મનમોહનસિંહજીની ચિરવિદાયથી સમગ્ર દેશભરમાં શોકનું મોજુ છવાયેલું છે. સજ્જન વ્યક્તિ, પ્રમાણિક વ્યક્તિત્વ અને અજાતશત્રુ એવા ડૉ. મનમોહનસિંહજીને પુષ્પાંજલી આપવા મોટી સંખ્યામાં નગરજનો જોડાયા હતા. રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલ પ્રાર્થના સભામાં હિંદુ, જૈન, બૌધ્ધ, ખ્રિસ્તી, મુસ્લીમ, શીખ અને બોચાસણ વાસી સ્વામીનારાયણ સંસ્થા (બી.એ.પી.એસ.), અને સ્વામીનારાયણ મંદીર વાસણા સંસ્થા સહિતના ધર્મ ગુરુઓ દ્વારા દિવંગત આત્મા માટે શાંતિ પ્રાર્થના કરવામાં આવી હતી. વિવિધ રાજકીય પક્ષમાં સીપીઆઈએમના રાષ્ટ્રીય કારોબારી સભ્ય અરૂણભાઈ મહેતા, સીપીઆઈના મહામંત્રી રમેશ પરમાર, એનસીપીના મહામંત્રી ડૉ. જગદીશ દાફડા, પૂર્વ મંત્રી પ્રવિણસિંહ જાડેજા, સ્વૈચ્છિક સંગઠનના પર્યાવરણ વિદ મહેશ પંડ્યા, આર.ટી.ઈ. ફોર્મના મુજાહીદ નફીસ સહિત વિવિધ આગેવાનો વિશેષ ઉપસ્થિત રહી શબ્દાંજલી દ્વારા દિવંગત આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

પ્રાર્થના સભામાં ડૉ. મનમોહનસિંહજીને પુષ્પાંજલી અર્પણ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, મૃદુભાષી, સાદગીના પ્રતિક, શાલીન એવા ડૉ. મનમોહનસિંહજીએ ભારતને દુનિયાના નકશામાં સૌથી ઝડપી રીતે વિકસીત થઈ રહેલા અર્થતંત્ર તરીકે સ્થાન અપાવ્યું હતું. દેશના નાગરિકોને રાઈટ ટુ એજ્યુકેશન, રાઈટ ટુ ઈન્ફોર્મેશન, રાઈટ ટુ ફુડ (એન.એફ.એસ.એ.) સહિતના મહત્વના હક્ક, અધિકાર આપ્યાં. ભારતને પરમાણું કરાર દ્વારા વૈશ્વિક સ્તરે માન-સન્માન વધાર્યું, તેમણે લોકશાહીના ચોથા સ્તંભ એવા મીડીયાને સંપૂર્ણ સ્વતંત્રતા પુરી પાડી હતી. તેમણે વર્ષ ૨૦૧૪માં પ્રેસ કોન્ફરન્સ કરી મીડીયાના તીખા સવાલોના ખુબ શાલીનતાથી જવાબ આપ્યા હતા. જ્યારે જ્યારે તેમણે મળવાનું શક્ય બનતું હતું ત્યારે નાનામાં નાની વાત ધ્યાન પૂર્વક સાંભળીને માર્ગદર્શન આપતા હતા. સમાનતા, સફળતા ને સાદગીના પ્રતિક તેવા ભારતના અમૂલ્ય રત્નશ્રી ડૉ. મનમોહનસિંહજીને આપણે સદા માટે ગુમાવ્યા છે. તેઓ હંમેશા આપણી યાદોમાં ચિરંજીવી રહેશે. સદગતને શ્રધ્ધાસુમન સમર્પિત કરીએ છીએ. રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલ પ્રાર્થના સભામાં ગુજરાત રાજયના પૂર્વ મુખ્યમંત્રી સુરેશભાઈ મહેતા, વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતા શૈલેષ પરમાર, સાંસદ ગેનીબેન ઠાકોર, ધારાસભ્ય ડૉ. તુષાર ચૌધરી, ઈમરાન ખેડાવાલા, ગ્યાસુદ્દીન શેખ, પૂર્વ નાણામંત્રી જયનારાયણ વ્યાસ, પૂર્વ સાંસદ ડૉ. અમી યાજ્ઞિક, એ.આઈ.સી.સી. મંત્રી સોનલબેન પટેલ, નિલેશ પટેલ, ઋત્વિક મકવાણા, અમદાવાદ શહેર પ્રમુખ હિંમતસિંહ પટેલ, અમદાવાદ મ્યુનિ. કોર્પો. વિપક્ષ નેતા શહેઝાદખાન પઠાણ ઉપસ્થિત રહ્યાં હતાં.

# સરકારે લેખિતમાં સ્વીકાર્યું, અધિક ગૃહ સચિવનો CP-SPને પત્ર

**વર્ષોથી નાગરિકો પોલીસ ફરિયાદ નોંધતી નથી તેવા પર આરોપ લગાવે છે, પરંતુ હવે જનતાના આ આરોપ સાચા પડ્યા છે**

ગાંધીનગર,તા.૩૧

ગુજરાત રાજયમાં છેલ્લાં કેટલાક સમયથી લોકો પોલીસના મનસ્વીપણાની ફરિયાદ કરી રહ્યા છે. સામાન્ય નાગરિકો એકબાજુ ન્યાય મેળવવા માટે ધક્કા ખાઈ રહ્યા છે. તો બીજી તરફ, અસામાજિક તત્ત્વો મનફાવે તેમ જાહેરમાં ગુનાખોરીને અંજામ આપી રહ્યા હોય તેવા કિસ્સાઓ બહાર આવી રહ્યા છે. વર્ષોથી નાગરિકો પોલીસ ફરિયાદ નોંધતી નથી તેવા પર આરોપ લગાવે છે, પરંતુ હવે જનતાના આ આરોપ સાચા પડ્યા છે. આ વાત હવે રાજ્ય સરકારે જ આડકતરી રીતે લેખિતમાં સ્વીકાર્યું છે. અધિક ગૃહ સચિવ એમ. કે. દાસે CP અને SP ને પત્ર લખીને ચીમકી આપી છે કે, તમામ FIR તાત્કાલિક નોંધવામાં આવે, નહીં તો કડક કાર્યવાહી કરવામાં આવશે.

હાલમાં જ SWAGAT (સ્ટેટ વાઈડ એટેન્શન ઓન ગ્રિવ્સ બાય ઍપ્લિકેશન ઑફ ટૅક્નોલૉજી) કાર્યક્રમમાં લોકોએ પોલીસ દ્વારા ફરિયાદ ન લેવાતી હોવાની મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને રજૂઆત કરી હતી. આ રજૂઆત બાદ ૨૭ ડિસેમ્બરે અધિક ગૃહ સચિવ એમ. કે. દાસે રાજ્યના તમામ પોલીસ કમિશ્નરો અને જીઁને ચાર ફકરાનો પત્ર લખીને ટકોર કરી છે કે, ‘સામાન્ય માણસની ફરિયાદ નોંધો, તપાસ કરો અને ફરિયાદનો નિકાલ કરો. જો સામાન્ય માણસની ફરિયાદ નહીં નોંધો, તો કડક કાર્યવાહી કરીશું.

અધિક ગૃહ સચિવ એમ. કે. દાસનો આ પત્ર જાહેર થયા બાદ પ્રશ્ન એ ઊભો થાય છે કે, શું ગુજરાત પોલીસ રાજ્યમાં ચોપડે ક્રાઈમ રેટ ઓછો નોંધાય તે માટે આવું કામ કરી રહી છે? આ સિવાય ગુજરાત પોલીસના આ વર્તનથી સામાન્ય લોકોને ન્યાય ન મળવા અથવા ન્યાય મળવામાં મોડું થતાં તેમના બંધારણીય હકોના ઉલ્લંઘન બદલ કોણ જવાબદાર છે? તો હવે જોવાનું એ રહ્યું છે કે, અધિક ગૃહ સચિવ એમ. કે. દાસના પત્ર બાદ પોલીસ તંત્ર દ્વારા સામાન્ય લોકો દ્વારા કરવામાં આવેલી ફરિયાદો પર કેટલું ધ્યાન આપવામાં આવે છે.

નાગરિકોને હાલ ફરિયાદ માટે પોલીસને અરજીઓ કરી આજીજી કરવી પડી રહી છે. પોતાના પોલીસ મથકમાં ગુનાખોરીનો આંક વધે નહિ એની દરકારમાં ફરિયાદ નહીં લેવાનો પોલીસ કાયમ આગ્રહ રાખતી હોવાથી ગુનેગારો અને અસામાજિક તત્ત્વોની હિંમત વધી રહી છે. ગુનાખોરીનો આંક ઓછો દર્શાવવા માટે કેટલાક કિસ્સામાં પોલીસ દ્વારા ફરિયાદ લેવા માટે ઉદાસીનતા દાખવવામાં આવે છે.

### ઓવર સ્પીડીંગ સામે એફઆઈઆર નોંધાશે

# વર્ષ ૨૦૨૫થી ટ્રાફિક નિયમોનો ભંગ પડશે મોંઘું

**આવનાર દિવસોમાં સુરત પોલીસ કમિશનર દ્વારા ટ્રાફિક નિયમોનું પાલન ન કરનારાઓ સામે કડકાઈથી પગલાં લેવા માટેની તૈયારી કરી દેવાઈ છે**

અમદાવાદ, તા.૩૧

સુરત પોલીસ દ્વારા શહેરમાં ટ્રાફિકના નિયમો ભંગ કરનારાઓ સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. નિયમોનું પાલન થાય તે માટે પોલીસ દ્વારા સતત પ્રયાસો હાથ ધરવામાં આવ્યાં છે. પરંતુ હવે ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવીની સૂચનાથી સુરત પોલીસ નિયમ ભંગ કરનારાઓ સામે એફઆઈઆર નોંધવા સુધીની કાર્યવાહી કરશે.ટ્રાફિક નિયમોનો ભંગ કરનારાઓ સામે કડકાઈ પ્રાપ્ત વિગતો પ્રમાણે આવનારા નવા વર્ષમાં રાજ્ય સરકાર ટ્રાફિક નિયમન મુદ્દે વધુ સખતાઈથી પગલાં લેવા માટેની તૈયારી કરી રહી છે. જેના ભાગ રૂપે ગૃહરાજ્યપ્રધાન હર્ષ સંઘવી દ્વારા સુરત પોલીસ કમિશનર અને મહાનગર પાલિકા સાથે ટ્રાફિક નિયમન વિશે બેઠક કરી વિસ્તૃત ચર્ચાઓ કરી હતી. સુરત પોલીસ કમિશનર અને સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ દ્વારા ટ્રાફિક નિયમનને લઈને ટ્રાફિક સિગ્નલ અને ટ્રાફિક સર્કલ નાના કરવા કે દૂર કરવા માટેના નિર્ણય કર્યા હતા. આવનાર દિવસોમાં સુરત પોલીસ કમિશનર દ્વારા ટ્રાફિક નિયમોનું પાલન ન કરનારાઓ સામે કડકાઈથી પગલાં લેવા માટેની તૈયારી કરી દેવાઈ છે.

### H1B વિઝાએ કેન્દ્ર સરકારનું ટેન્શન વધાર્યું

# આઈટી મંત્રાલય ફીડબેક મેળવવા માટે અમેરિકન કંપનીના સંપર્કમાં

## આઈટી મંત્રાલય સિવાય વિદેશ મંત્રાલય અને વાણિજ્ય વિભાગ દ્વારા પણ ઘટનાક્રમ પર કડક નજર રાખવામાં આવી રહી છે

નવી દિલ્હી, તા.૨૨

અમેરિકામાં થોડા દિવસો પહેલાં એચ-૧બી વિઝાને લઈને વિવાદ ચાલી રહ્યો હતો. હવે ભારતીય એચ-૧બી વિઝા હોલ્ડરની સામે થઈ રહેલાં વિરોધને લઈને કેન્દ્ર સરકાર પણ એલર્ટ થઈ ગઈ છે. સરકાર અમેરિકામાં ભારતીય એચ-૧બી વિઝા ધારકોની સામે વિદેશ મંત્રાલય, IT મંત્રાલય અને કોમર્સ ડિપાર્ટમેન્ટમાં અમેરિકામાં કાયદેસર કામ કરનારા ભારતીય પ્રોફેશનલ્સની સ્થિતિ પર નજર રાખી રહ્યા છે. સરકાર આઈટી અને મેનેજમેન્ટના કર્મચારીઓની પ્રોફાઈલિંગ પર કડક નજર રાખી રહી છે. આઈટી મંત્રાલય સિવાય વિદેશ મંત્રાલય અને વાણિજ્ય વિભાગ દ્વારા પણ ઘટનાક્રમ પર કડક નજર રાખવામાં આવી રહી છે.

સરકારી સૂત્ર પાસેથી મળતી માહિતી મુજબ, એવી સ્થિતિ પેદા ન થવી જોઈએ, જ્યાં અમારા ભારતીય પ્રોફેશનલ્સને અમેરિકામાં રહેવાની મુશ્કેલી ઊભી થાય. સરકાર આ વિશે ચિંતિત છે. IT મંત્રાલય પણ સ્થિતિને સમજવા માટે મોટી સોફ્ટવેર કંપનીઓના ફીડબેક લઈ રહી છે. IT મંત્રાલયે અમેરિકન કંપનીઓને પૂછ્યું કે, ગ્રાઉન્ડ પર આ વિઝાને લઈને શું સ્થિતિ છે.

આઈટી મંત્રાલય જમીની સ્તર પર સ્થિતિ સમજવા માટે મોટી સોફ્ટવેર કંપનીની સાથે-સાથે નેસકૉમ જેવા ઈન્ડસ્ટ્રીથી ફીડબેક લઈ રહ્યો છે. સરકારી સૂત્ર પાસેથી મળતી માહિતી મુજબ, અમે એ સુનિશ્ચિત કરવા માંગીએ છીએ કે અમારી સ્પર્ધાત્મક સ્થિતિને અસર ન થાય. નિશ્ચિત રૂપે અન્ય કારણોને કાયદાકીય માળખાના રસ્તામાં ન આવવું જોઈએ, અમે નથી ઈચ્છતા કે, ભારત-અમેરિકાની વચ્ચે કાયદાકીય માળખામાં કોઈ બહારના કારણોસર તકલીફ ઊભી થાય. અમેરિકાની તરફથી પણ આ ન થવું જોઈએ.' સરકાર એ વાત પર પણ નજર રાખી રહી છે કે, ડોનાલ્ડ ટ્રમ્પ વ્હાઈટ હાઉસમાં પરત ફર્યા બાદ અમેરિકન વિઝા નીતિ, વિશેષ રૂપે આઈટી અને ટેક્નોલોજી, સંચાલન અને અન્ય યોગ્ય પ્રોફેશનલ માટે કેવી રીતે વિકસિત થાય છે. H-1B વિઝા એ નોન-ઈમિગ્રન્ટ વિઝા છે. તે ઉચ્ચ શિક્ષિત વિદેશી વ્યાવસાયિકોને વિશિષ્ટ વ્યવસાયોમાં કામ કરવાની મંજૂરી આપે છે. આ વ્યવસાયો માટે ઓછામાં ઓછી સ્નાતકની ડિગ્રીની જરૂર છે. આ વિઝા માટે સૌથી વધુ અરજીઓ ટેક્નોલોજી, એન્જિનિયરિંગ, ગણિત અને મેડિકલ સાયન્સ જેવા ક્ષેત્રોમાં આવે છે.

### તેનું ફોર્મ તેને સાથ નથી આપી રહ્યું : ઈરફાન પઠાણ

# ટીમમાં રોહિતનું સ્થાન તેની કેપ્ટનશીપને કારણે છે, બેટિંગ પ્રદર્શનને કારણે નથી

નવી દિલ્હી, તા.૩૧

ઓસ્ટ્રેલિયામાં ભારતીય ટીમના પ્રદર્શનને લઈને ક્રિકેટ ચાહકો ખૂબ નારાજ છે. ૫ ટેસ્ટ મેચની ઓસ્ટ્રેલિયા સામેની સીરિઝ પહેલા ભારતનો ન્યૂઝીલેન્ડ સામે ઘરઆંગણે પરાજય થયો હતો. સીરિઝ દરમિયાન કેપ્ટન રોહિત શર્મા અને સ્ટાર બેટર વિરાટ કોહલીનું નિરાશાજનક પ્રદર્શન રહ્યું હતું. બોર્ડર ગાવસ્કર ટ્રોફીના પરિણામ પર ભારતની વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપ ફાઈનલની આશા નિર્ભર હતી. પરંતુ ભારતના બંને મહાન બેટરોએ નિરાશ કર્યા હતા. વિરાટ કોહલીએ એક સદી ફટકારી હતી પરંતુ રોહિત ખરાબ રીતે નિષ્ફળ રહ્યો હતો.

રોહિત શર્મા બાળકના જન્મને કારણે બોર્ડર ગાવસ્કર ટ્રોફીની પહેલી મેચ રમી શક્યો ન હતો. તેણે પૂરી સીરિઝ દરમિયાન ૩ મેચમાં માત્ર ૩૧ રન બનાવ્યા છે. પૂર્વ ભારતીય ઓલરાઉન્ડર ઈરફાન પઠાણે ટીમમાં રોહિત શર્માના સ્થાન અંગે ચિંતા વ્યક્ત કરી છે. પઠાણનું માનવું છે કે ટીમમાં રોહિતનું સ્થાન તેની કેપ્ટનશીપને કારણે છે, તેના બેટિંગ પ્રદર્શનને કારણે નથી. ઈરફાન પઠાણે કહ્યું હતું કે, 'એક ખેલાડી જેણે લગભગ ૨૦,૦૦૦ રન બનાવ્યા છે. રોહિત અત્યારે જે રીતે હાલમાં સંઘર્ષ કરી રહ્યો છે, તેને જોતા લાગે છે કે તેનું ફોર્મ તેને સાથ નથી આપી રહ્યું. અત્યારે એવું છે કે તે કેપ્ટન છે એટલે હાલ રમી રહ્યો છે. જો તે કેપ્ટન ન હોત તો કદાચ અત્યારે તે રમી શક્યો ન હોત. તમારી પાસે એક સેટ ટીમ હોત તો કેએલ રાહુલ ટોપ પર રમતા હોત, જયસ્વાલ પણ ટોપમાં હોત, શુભમન ગિલ તેના પછી બેટિંગ કરવા આવ્યો હોત. જો આપણે તેના વર્તમાન ફોર્મને જોતા વાત કરીએ તો, તે જે રીતે બેટિંગમાં સંઘર્ષ કરી રહ્યો છે તેથી કદાચ પ્લેઈંગ ઈલેવનમાં તેના માટે કોઈ સ્થાન નથી.'

### શિંદે અને પવારને ફરી ઝટકો

# એકલા હાથે સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ઝંપલાવવાની ભાજપની તૈયારી

## મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીમાં ભાજપે ૧૩૩ બેઠક જીતી છે માત્ર ૧૪૮ બેઠકો પર લડેલી ભાજપે લગભગ ૯૦ ટકા બેઠકો જીતી છે

મહારાષ્ટ્ર,તા.૩૧

મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીમાં ભાજપે ૧૩૩ બેઠક જીતી છે. માત્ર ૧૪૮ બેઠકો પર લડેલી ભાજપે લગભગ ૯૦ ટકા બેઠકો જીતી છે અને મહારાષ્ટ્રના રાજકારણમાં ભાજપની આ સૌથી મોટી સફળતા છે. તેની પાછળ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ નું આયોજન અને મહેનત પણ એક કારણ માનવામાં આવે છે. આ દરમિયાન આરએસએસ અને ભાજપે પણ સ્થાનિક સ્વરાજની ચૂંટણીની તૈયારીઓ તેજ કરી દીધી છે.

પક્ષના વ્યૂહનીતિકારોનું માનવું છે કે, સ્થાનિક સ્વરાજ ચૂંટણી એકલા હાથે લડવી જોઈએ. જેથી કરીને શિવસેના (શિંદે જૂથ) અને એનસીપી (અજિત પવાર જૂથ) સામે તેની તાકાત બતાવી શકાય. આરએસએસના લોકોનો પણ મત છે કે ભાજપે સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં એકલા જ ઉતરવું જોઈએ.

વ્યૂહનીતિકારોનું અનુસાર, સ્થાનિક ચૂંટણી એકલા હાથે લડીને ભાજપને પાયાના સ્તર સુધી પહોંચવામાં મદદ મળશે. આ ઉપરાંત તે મુંબઈ, પૂણે, નાગપુર સહિત વિવિધ શહેરોમાં તેની તાકાતનું આકલન પણ કરી શકશે. ભાજપ ઉપરાંત અન્ય પક્ષો પણ એકલા હાથે લડવાના પક્ષમાં છે.

મહાવિકાસ એઘાડીમાં શિવસેના (ઉદ્ધવ જૂથ) ઘણી વખત જાહેરાત કરી ચૂકી છે કે, તે સ્થાનિક સ્વરાજ ચૂંટણીમાં એકલા હાથે લડશે. શિવસેના (ઉદ્ધવ જૂથ)ના પ્રવક્તા આનંદ દુબેએ કહ્યું, 'મહારાષ્ટ્રમાંથી શિવસૈનિકોનો અભિપ્રાય ઉભરી રહ્યો છે કે જેથી એકલા ચૂંટણી લડવી જોઈએ. આનાથી અમને બે ફાયદા થશે. પ્રથમ તે રાજ્યભરના કાર્યકરોને ઉત્સાહિત થશે. બીજું પાર્ટીમાંથી વધુને વધુ લોકોને ચૂંટણી લડવાની તક મળશે.'

ઉલ્લેખનીય છે કે, BMC સહિત દેશની ૨૭ સંસ્થાઓમાં ચૂંટણી યોજાવાની છે. મહારાષ્ટ્રમાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી લાંબા સમયથી પેન્ડિંગ છે. પરંતુ હવે વિધાનસભાની ચૂંટણીમાં મળેલી જોરદાર સફળતા બાદ તમામ સત્તાધારી પક્ષો ચૂંટણી યોજવાના પક્ષમાં છે.

### સૌરભ શર્માની આવકથી વધુ સંપત્તિ

# મધ્યપ્રદેશમાં ૧૦૦ કરોડના કૌભાંડી સૌરભ શર્માનું શું છે ગુજરાત કનેકશન?

## લોકાયુક્તની એફઆઈઆર પછી ઈડીએ સૌરભ શર્માની વિરુદ્ધ મની લોન્ડરિંગ તપાસ શરુ કરી હતી

ભોપાલ,તા.૩૧

મધ્યપ્રદેશમાં પૂર્વ આરટીઓ કોન્સ્ટેબલમાંથી રિયલ એસ્ટેટ ડેવલપર બનેલા સૌરભ શર્માની આવકથી વધુ સંપત્તિની તપાસ ચાલી રહી છે. લોકાયુક્તની એફઆઈઆર પછી ઈડીએ સૌરભ શર્માની વિરુદ્ધ મની લોન્ડરિંગ તપાસ શરુ કરી હતી. રાજ્યભરમાં ચર્ચાનું કેન્દ્ર બની ચૂકેલા પરિવહન વિભાગના ભૂતપૂર્વ કોન્સ્ટેબલ સૌરભ શર્મા હજુ પણ તપાસ એજન્સીઓની પકડમાંથી બહાર છે. લોકાયુક્તા દ્વારા બે સમન્સ અને આવકવેરા વિભાગ દ્વારા લુકઆઉટ પરિપત્ર જારી કરવામાં આવ્યા હોવા છતાં, તેમનું લોકેશન શોધી શકાયું નથી. પરંતુ આવા લોકો ખુલ્લેઆમ બહાર આવવા લાગ્યા છે, જેઓ એક સમયે સૌરભ સાથે સંકળાયેલા હતા, પરંતુ પછીથી તેમનાથી દૂર થઈ ગયા. આવા લોકો એજન્સીઓ સાથે તેમની માહિતી શેર કરી રહ્યા છે.સૌરભ તેના રાજદાર શરદ જયસ્વાલ સાથે ગુજરાત પાસિંગની લકઝુરિયસ કારમાં ભાગી ગયો હતો. આ કાર સૌરભની પ્રિય હતી. કારની નંબર પ્લેટ વીઆઈપી હતી. કારનો નંબર જીજે ૨૩ સીબી ૦૦૧૨ છે, પરંતુ તેમાં નંબર પ્લેટ પર માત્ર ૧૨ લખેલા હતા.

સૌરભની હાઈ પ્રોફાઈલ લોકોની વચ્ચે ઉઠ બેસે હતી.. જ્યારે સૌરભ નજીકના સંબંધીના ઘરે જતો, ત્યારે તે તેના ઘરના મુખ્ય દ્વારની સામે કાર પાર્ક કરતો અને મુખ્ય દ્વાર સુધી ચાલતો જતો હતો.

તપાસમાં કારનું રજિસ્ટ્રેશન ભરૂચમાં થયું હોવાનું સામે આવ્યું હતું. તે શરદ જયસ્વાલની કાર હોવાનું બહાર આવ્યું હતું. આ કાર ૬.૪ વર્ષ જૂની છે. નોંધણી ૨૯મી ઓગસ્ટ ૨૦૧૮ના રોજ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે સૌરભ પોતાના ખાસ લોકોના નામે વાહનો અને જમીન ખરીદતો હતો. સૌરભ અને શરદ પણ ગુજરાતમાં વેપાર કરતા હોવાના અહેવાલ છે. એજન્સીઓને માહિતી મળી છે કે સૌરભ દેશમાં છે. લોકાયુક્તની કાર્યવાહીના બીજા દિવસે જ તેઓ ભારત પરત ફર્યા હતા. હવે તે પરિવારના સભ્યો દ્વારા આગોતરા જામીન જેવી પ્રક્રિયામાં રોકાયેલા છે.

### ઈલેકટ્રીકલ, મિકેનિકલમાં ૮૦% બેઠકો ભરાયેલી છે

# રાજ્યમાં ૨૦૨૨ની સાપેક્ષે ૨૦૨૪ માં સરકારી ઇજનેરી કોલેજ પ્રવેશમાં ૫૭% જેટલો થયો વધારો

## ગુજરાતની સરકારી ઇજનેરી કોલેજોની સિવિલ, ઈલેકટ્રીકલ, મિકેનિકલમાં ૮૦%, ઈમર્જીંગ ઇજનેરીની વિદ્યાશાખામાં ૧૦૦% બેઠકો ભરાયેલી છે

ગાંધીનગર,તા.૩૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં અને ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલના સમર્થ નેતૃત્વમાં રાજ્યના તમામ વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવાનો રાજ્ય સરકારનો ધ્યેય છે. જે અંતર્ગત ગુજરાતે સમયસર ઈજનેરી ક્ષેત્રે વિદ્યાશાખાઓનો રી-સ્ટ્રકચરીંગ કરી પરિણામલક્ષી કામગીરી કરી. જેના પરિણામે વર્ષ ૨૦૨૨ની સાપેક્ષે સરકારી ઈજનેરી કોલેજ પ્રવેશમાં ૫૭% જેટલો વધારો નોંધાયો છે.

રાજ્યમાં સરકારી ઈજનેરી કોલેજોમાં કોર બ્રાંચ જેવી કે સિવિલ, ઈલેકટ્રીકલ, મિકેનિકલમાં ૮૦% બેઠકો ભરાયેલી છે. જ્યારે ઈમર્જીંગ ઈજનેરીની વિદ્યાશાખામાં ૧૦૦% બેઠકો ભરાયેલ છે. વર્ષ ૨૦૨૪માં સરકારી અને અનુદાનિત ઈજનેરી સંસ્થાઓની ૮૪.૩% તેમજ સ્વનિર્ભર સંસ્થાઓની ૪૮% એમ કુલ મળી ઈજનેરીની ૫૪% બેઠકો પર વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે.

પ્રવર્તમાન સમયમાં ઘણા વિદ્યાર્થીઓ ડિપ્લોમાં ડિગ્રી પણ કરતા હોય છે. જેમાં પ્રવેશ વર્ષ ૨૦૨૨ની સાપેક્ષે સરકારી પોલીટેકનીક કોલેજના પ્રવેશમાં ૨૨% જેટલો વધારો જોવા મળ્યો છે. જે અંતર્ગત સરકારી પોલીટેકનીક કોલેજોમાં આઈ.ટી., સિવિલ, ઈલેકટ્રીકલ, મિકેનિકલ વિગેરે વિદ્યાશાખામાં ૮૦% અને ઈમર્જીંગ ઈજનેરીની વિદ્યાશાખામાં વર્ષ ૨૦૨૨ની સાપેક્ષે પ્રવેશમાં ૬૪% નો વધારો થયો છે. આગામી વર્ષોની જરૂરીયાત ધ્યાને લઈ સરકારી ઈજનેરી કોલેજો અને ડિપ્લોમાં ડિગ્રીમાં વર્ષ ૨૦૨૨થી વિવિધ નવા ઈમર્જીંગ ટેકનોલોજીનાં અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યા છે. સાથોસાથ રાજ્ય સરકાર દ્વારા શિક્ષણ ક્ષેત્રે જરૂરીયાત મુજબ રી-સ્ટ્રકચરીંગ કરી વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય કરવામાં આવે છે.

### દિલ્હી LGનો આતિશીને પત્ર

# કેજરીવાલે તમારું, મારું અને રાષ્ટ્રપતિનું અપમાન કર્યુ

## દિલ્હીના ઉપરાજ્યપાલ વીકે સક્સેના અને આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલની વચ્ચે ઘર્ષણ યથાવત છે

નવી દિલ્હી, તા.૩૧

દિલ્હીના ઉપરાજ્યપાલ વીકે સક્સેના અને આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલની વચ્ચે ઘર્ષણ યથાવત છે. આ દરમિયાન ઉપરાજ્યપાલે દિલ્હીના મુખ્યમંત્રી આતિશીને સોમવારે એક પત્ર લખ્યો છે. આ પત્રમાં ઉપરાજ્યપાલે કેજરીવાલ દ્વારા તેમનુંઅપમાન કરાયુંહોવાથી દુખી હોવાનો પણ ઉલ્લેખ કર્યો છે. દિલ્હીના ઉપરાજ્યપાલ વીકે સક્સેનાએ મુખ્યમંત્રી આતિશીને લખેલા પત્રમાં લખ્યું છે કે, હું સર્વપ્રથમ તમને આગામી નવા વર્ષ ૨૦૨૫ માટે શુભકામના પાઠવું છું. મારી પ્રાર્થના છે કે તમે હંમેશા સ્વસ્થ રહો અને પ્રગતિના પથ પર આગળ વધો. તમને મુખ્યમંત્રીપદના શપથ અપાવવાના અવસર પર પણ મેં તમને હૃદયપૂર્વક અભિનંદન અને શુભકામનાઓ પાઠવી હતી, અને ત્યારથી હમણા સુધીના સમયગાળામાં, મેં મારા અઢી વર્ષના કાર્યકાળમાં પહેલીવાર મુખ્યમંત્રી પદ પર બેઠલા વ્યક્તિને કામ કરતો જોયો. જ્યારે તમારા પુરોગામી મુખ્યમંત્રી (કેજરીવાલ) પાસે સરકારનો એક પણ વિભાગ ન હતો, અને એ ફાઈલો પર હસ્તાક્ષર પણ કરતા ન હતા, જ્યારે તમે(આતિશી) અનેક વિભાગોની જવાબદારી લઈને વિવિધ વહીવટીય મુદ્દાઓ પર કામ કરવાનો પ્રયાસ કર્યો છે.આ સાથે ઉપરાજ્યપાલે આતિશીને લખેલા પત્રમાં આક્ષેપ લગાવ્યો કે, કેજરીવાલે ફક્ત તમારું નહીં, પણ મારું અને રાષ્ટ્રપતિનું પણ અપમાન કર્યુ, પરંતુ કેટલાક દિવસો પહેલા, તમારા પુરોગામી મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ દ્વારા મીડિયામાં તમને જાહેરમાં એક કામચલાઉ મુખ્યમંત્રી ગણાવ્યા, તેનાથી હું ખૂબ દુખી છું. આ ફક્ત તમારું અપમાન ન હતું, પરંતુ તમારી નિમણૂંક કરનાર ભારતની રાષ્ટ્રપતિ અને તેમના પ્રતિનિધિ તરીકે મારું પણ અપમાન હતું. અસ્થાયી અથવા કામચલાઉ મુખ્યમંત્રીની જે સાર્વજનિક વ્યાખ્યા કેજરીવાલે કરી, તેની બંધારણમાં કોઈ જોગવાઈ નથી. આ બાબા સાહેબ આંબેડકર દ્વારા રચિત બંધારણમાં લોકશાહી ભાવના અને મૂલ્યોની નિંદનીય અવગણના છે.

### પ્રયાગરાજમાં મહાકુંભની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે

# મહાકુંભને લઈ પ્રવાસન વિભાગે કરી અનોખી પહેલ, ગાઇડને અપાશે ખાસ ટ્રેનિંગ

## આ અંતર્ગત શહેર પ્રવાસ માર્ગદર્શકો, ટેક્સી ડ્રાઇવરો, વિક્રેતાઓ અને નાવિકોને તાલીમ આપવામાં આવી રહી છે

પ્રયાગરાજ,તા.૩૧

પ્રયાગરાજ, તા.૩૧ ડિસેમ્બર, ૨૦૨૪: પ્રયાગરાજમાં મહાકુંભની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. મહાકુંભ દરમિયાન આવતા ભક્તોના સ્વાગત માટે વિવિધ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. અહીં આવતા ભક્તોને પ્રયાગરાજની દિવ્યતા અને ભવ્યતા જણાવવા માટે પર્યટન વિભાગ દ્વારા વિશેષ તૈયારીઓ કરવામાં આવી રહી છે. આ માટે ખાસ તાલીમ આપવામાં આવી છે. આ અંતર્ગત શહેર પ્રવાસ માર્ગદર્શકો, ટેક્સી ડ્રાઈવરો, વિક્રેતાઓ અને નાવિકોને તાલીમ આપવામાં આવી રહી છે.

કુંભમેળામાં આવતા શ્રદ્ધાળુની સારી આગતા સ્વાગતા કરી શકાય તે માટે ૬૦-૬૦ની બેચમાં તાલીમ આપવામાં આવી રહી છે. પ્રાદેશિક પ્રવાસન અધિકારી અપરાજિત સિંહનું કહેવું છે કે આ માટે પ્રવાસન વિભાગે કાંશીરામ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટૂરિઝમ મેનેજમેન્ટ લખનઉ અને અન્ય સંસ્થા સાથે એમઓયુ કર્યા છે, જે અંતર્ગત તાલીમ ચાલી રહી છે. આ કાર્યક્રમ પ્રવાસીઓને વધુ સારો અનુભવ આપવા માટે શરૂ કરવામાં આવ્યો છે. આ તાલીમ કાર્યક્રમ ૬૦-૬૦ તાલીમાર્થીઓના બેચોમાં ચાર વર્ગોમાં વહેંચવામાં આવે છે. દરેક વર્ગ માટે વિશેષ તાલીમ મોડ્યુલ બનાવવામાં આવ્યા છે.

તાલીમ નિર્દેશક પ્રખર તિવારી કહે છે કે માર્ગદર્શિકાની તાલીમ પાંચ દિવસનો કાર્યક્રમ છે. અમારો પ્રયાસ પ્રવાસન જાળવી રાખવાનો છે. સાથે સાથે પ્રવાસન ક્ષેત્ર પણ એક લક્ષ્ય છે. આ કાર્યક્રમમાં તાલીમાર્થીઓને શહેરના વિવિધ પ્રવાસન સ્થળો વિશે માહિતી આપવામાં આવે છે. પ્રવાસન સ્થળની લાક્ષણિકતા શું છે તે તાલીમાર્થી માર્ગદર્શિકાઓને કહેવા માટે વાર્તા કેવી રીતે કહેવી તાલીમ પણ આપવામાં આવશે. અહીં દરેક પ્રવાસન સ્થળની પૌરાણિક, ઐતિહાસિક અને ધાર્મિક વિશેષતાઓ વિશે માહિતી આપવામાં આવી છે. આ માહિતીને પ્રવાસીઓને રસપ્રદ રીતે કેવી રીતે પહોંચાડવી તે પણ અહીં શીખવવામાં આવે છે. આ દરમિયાન પ્રવાસીની તબિયત બગડતી હોય તો તેને પ્રાથમિક સારવાર કેવી રીતે આપવી તે અંગે પણ તાલીમ આપવામાં આવી રહી છે.

તેવી જ રીતે ટેક્સી ચાલકોને વિશેષ તાલીમ આપવામાં આવી રહી છે. તેમને ડિજિટલ ચૂકવણી અંગે જાગૃત કરવામાં આવી રહ્યા છે. તેમને શીખવવામાં આવી રહ્યું છે કે તે કેવી રીતે સંપૂર્ણપણે સલામત છે અને તેનો ઉપયોગ કેવી રીતે કરી શકાય છે. અપરાજિત સિંહ કહે છે કે શહેરમાં આવનાર પ્રથમ પ્રવાસી ટેક્સી ચાલકો પાસેથી શહેરને જાણે છે. તેથી, તેમને પ્રવાસીઓ સાથે કેવી રીતે વર્તવું તેની તાલીમ પણ આપવામાં આવી રહી છે. આ સાથે જ ટેક્સી ડ્રાઈવરો અને રિક્ષા ડ્રાઈવરોને પ્લાસ્ટિક મુક્ત કુંભના સંકલ્પ વિશે જણાવવામાં આવી રહ્યું છે. જેથી તેઓ પોતાની ટેક્સી અથવા રિક્ષામાં બેઠેલા પ્રવાસીઓને કહી શકે કે આ કુંભ પ્લાસ્ટિક મુક્ત કુંભ છે. તેથી, પ્રવાસીઓએ ક્યાંય પણ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવો જોઈએ. આ સાથે જ ટેક્સી અને રિક્ષા ચાલકોને પણ ટ્રાફિકના નિયમોની જાણ કરવામાં આવી રહી છે. મેળા વિસ્તારના નાવિકો માટે પણ આવો જ તાલીમ કાર્યક્રમ હાથ ધરવામાં આવી રહ્યો છે.

પ્રવાસન વિભાગ વિવિધ શ્રેણીઓમાં કુલ ૪૨૦૦ લોકોને તાલીમ આપવાનું લક્ષ્ય ધરાવે છે. તેમની સંખ્યા વિવિધ વર્ગોમાં બદલાય છે. તેમાં ૬૦૦ નાવિકો, ૬૦૦ વિક્રેતાઓ, ૧૦૦૦ માર્ગદર્શિકાઓ અને ૨૦૦૦ ટેક્સી અને ઈ-રિક્ષા ચાલકોનો સમાવેશ થાય છે. પ્રાદેશિક પ્રવાસન સચિવ અપરાજિત સિંહ કહે છે કે વિભાગે અત્યાર સુધીમાં ૬૦૮ વિક્રેતાઓને તાલીમ આપી છે તેવી જ રીતે ૩૬૦ નાવિકો, ૪૫૧ ટેક્સી ડ્રાઈવરો અને ૮૭૧ માર્ગદર્શકોને તાલીમ આપવામાં આવી છે.

### સાઉથમાં જઈને કામ કરવાની જાહેરાત

# અનુરાગ કશ્યપની હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી છોડવાની જાહેરાત

## બોલિવૂડ સિક્વલ અને રિમેકના રવાડે ચઢી ગયું છે : નફા અને માર્જિનમાં ખોવાઈ ગયો ફિલ્મ મેકિંગનો આનંદ

મુંબઈ, તા.૩૧

લેખક, નિર્દેશક, નિર્માતા અને અભિનેતા એવા અનુરાગ કશ્યપનું નામ ફિલ્મીરસિયાઓ માટે અજાણ્યું નથી. 'ગેંગ્સ ઓફ વાસેપુર', 'દેવ ડી' અને 'ગુલાલ' જેવી ઘણી કલ્ટ ફિલ્મો સાથે સંકળાયેલા અનુરાગ કશ્યપ હવે બોલિવૂડને અલવિદા કહી દેવાના મૂડમાં છે. બોલિવૂડની વર્તમાન સ્થિતિ પ્રત્યે નિરાશા વ્યક્ત કરીને તેમણે સર્જનાત્મક ઉત્તેજન માટે દક્ષિણ તરફ જવાની જાહેરાત કરી છે. ચાલો જાણીએ કે આટલા નિવડેલા સિને-કસબીએ કયા કારણસર આવું પગલું ભરવાની વાત કરી છે. એક ઈન્ટરવ્યૂમાં બોલિવૂડની રીતરસમોની ટીકા કરતાં અનુરાગ કશ્યપે એકથી વધુ મુદ્દા રજૂ કરીને દક્ષિણ ભારતની ફિલ્મ ઈન્ડસ્ટ્રી તરફ આગેકૂચ કરવાની ઈચ્છા જતાવી છે.

અનુરાગે કહ્યું હતું કે, 'હિન્દી ફિલ્મ ઉદ્યોગના નફા અને માર્જિનમાં ખોવાઈ ગયો છે. ફિલ્મ બનવાની શરૂ થાય એ પહેલા જ એને કઈ રીતે વેચવી, ક્યાં વેચવી, એમાંથી કેટલો નફો થશે, એનું ગણિત માંડવાનું શરૂ કરી દેવાય છે. વાર્તામાં જરૂર ન હોય તોય ફિલ્મને કમર્શિયલ બનાવવા માટે એમાં જાતજાતના ગતકડાં કરાય છે, બિનજરૂરી ગીતો અને ફાઈટ ઊમેરાય છે. આમાં પછી કથાનો હાર્દ જ મરી જાય.' 'સત્યા'ના લેખકે કહ્યું હતું કે, 'બોલિવૂડમાં કોઈએ નવું સર્જન કરવાની જહેમત નથી લેવી. ક્યાં તો જૂની હિટ ફિલ્મોની સિક્વલ બનાવશે અથવા તો સાઉથની સફળ ફિલ્મોની રિમેક બનાવશે. મલયાલમ ફિલ્મ 'મંજુમ્મેલ બોયઝ' જેવી નવીન અને પ્રાયોગિક કથાઓ ધરાવતી ફિલ્મો અહીં કોઈએ બનાવવી નથી, પણ એવી ફિલ્મો સફળ થતાં જ એની રિમેકના હકો મેળવવા માટે બોલિવૂડના નિર્માતાઓ વચ્ચે સ્પર્ધા જામે છે. અહીં બધાંને રૂપિયા છાપી લેવા છે. બધાંને બોક્સઓફિસની પડી છે, કોઈએ સર્જનાત્મક જોખમ નથી લેવું, ચીલો ચાતરીને નવું નથી કરવું.' ફિલ્મ સ્ટાર્સને આડેહાથે લેતાં અનુરાગે બળાપો ઠાલવ્યો હતો કે, 'હવે કોઈને એક્ટર નથી બનવું, બધાને સ્ટાર બની જવું છે. એય રાતોરાત, ઝાઝી મહેનત કર્યા વિના. નવા આવેલા કલાકારોને પણ ફિલ્મોમાં મુખ્ય ભૂમિકા મળતા હવામાં ઊડવા લાગે છે. બધા પોતાની અલગ વેનિટી વાનની માંગ કરવા લાગે છે. વેનિટી વાન વિશે બોલતી વખતે અનુરાગે 'ગેંગ્સ ઓફ વાસેપુર'નું ઉદાહરણ આપતાં કહ્યું હતું કે, 'અમે ગેંગ્સ ઓફ વાસેપુરનું શૂટિંગ કરી રહ્યા હતા ત્યારે સેટ પર એક જ વાન હાજર રહેતી. બધાં તેનો વારાફરતી ઉપયોગ કરતા.'

ગુજરાતી ફિલ્મ 'રોંગ સાઈડ રાજુ'ના નિર્માતા અનુરાગ કશ્યપે બોલિવૂડમાં કાર્યરત ટેલેન્ટ એજન્સીઓની ઝાટકણી કાઢતાં કહ્યું હતું કે, 'ટેલેન્ટ એજન્સીઓનું કામ હોય છે એક્ટર્સ અને ફિલ્મ મેકર્સ વચ્ચેની કડી બનવાનું, એને બદલે આ એજન્સીઓ દીવાલ બની બેઠી છે. એજન્સીઓને નવી પ્રતીભાઓ ખોજવામાં કોઈ રસ નથી હોતો, તેમને રસ હોય છે નવા કલાકારોની ફીમાંથી મળતા કમિશનમાં. તેઓ કલાકારોને અભિનય વર્કશોપમાં મોકલવાને બદલે જીમમાં જઈને બોડી બનાવવાની સલાહ આપે છે. આવી એજન્સીઓ કલાકારોની ગરજનો ગેરલાભ લે છે, તેમનું શોષણ જ કરે છે.'

### દેશના ૩૧ રાજ્ય, સંઘ પ્રદેશો પૈકી માત્ર બેમાં જ મુખ્યમંત્રી પદે મહિલા

# આંધ્રના ચંદ્રાબાબુ નાયડુ સૌથી ધનિક, મમતા બેનરજી સૌથી ગરીબ મુખ્યમંત્રી

## અહેવાલ અનુસાર, ૨૦૨૩-૨૪માં ભારતની માથાદીઠ ચોખ્ખી રાષ્ટ્રીય આવક અંદાજે રૂ.૧,૮૫,૮૫૪ રહેવા પામી હતી

નવી દિલ્હી, તા.૩૧

દેશના સૌથી ધનિક મુખ્યમંત્રીઓની યાદીમાં આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રાબાબુ નાયડુ જ્યારે સૌથી ગરીબ મુખ્યમંત્રીઓની યાદીમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી ટોચ પર છે. ચંદ્રાબાબુ નાયડુની કુલ સંપત્તિ આશરે રૂ.૯૩૧ કરોડ જેટલી છે જ્યારે મમતા બેનરજી પાસે માત્ર રૂ.૧૫ લાખની સંપત્તિ છે તેમ એક અહેવાલમાં જણાવાયું છે. એસોસિયેશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર) દ્વારા જારી કરાયેલાં અહેવાલમાં જણાવ્યાં અનુસાર, દેશના તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના મુખ્યમંત્રીઓની સરેરાશ સંપત્તિ રૂ.૫૨.૫૯ કરોડ છે. દેશના કુલ ૩૧ મુખ્યમંત્રીઓમાંથી માત્ર બે જ મહિલા છે. દેશના ૧૩ મુખ્યમંત્રીઓ (૪૨ ટકા) એ તેમની વિરુદ્ધ થયેલાં ફોજદારી ગુનાઓની વિગતો જાહેર કરી છે. જ્યારે ૧૦ મુખ્યમંત્રીઓ(૩૨ ટકા)એ તેમની વિરુદ્ધ હત્યાનો પ્રયાસ, અપહરણ, લાંચ, ધમકી સહિતના મામલે દાખલ ગંભીર ફોજદારી ગુનાઓની વિગતો જાહેર કરી છે તેમ અહેવાલમાં જણાવાયું છે. અહેવાલ અનુસાર, ૨૦૨૩-૨૪માં ભારતની માથાદીઠ ચોખ્ખી રાષ્ટ્રીય આવક અંદાજે રૂ.૧,૮૫,૮૫૪ રહેવા પામી હતી. જ્યારે મુખ્યમંત્રીની સરેરાશ વ્યક્તિગત આવક રૂ.૧૩,૬૪,૩૧૦ રહેવા પામી હતી. જે સરેરાશ માથાદીઠ રાષ્ટ્રીય આવક કરાતં ૭.૩ ગણી વધારે છે. દેશના ૩૧ મુખ્યમંત્રીઓની કુલ સંપત્તિનું કૂલ મૂલ્ય રૂ.૧,૬૩૦ કરોડ છે. સૌથી ધનિક મુખ્યમંત્રીઓમાં બીજા ક્રમે અરૂણાચલ પ્રદેશના પ્રેમા ખાંડુ છે. જેમની કુલ સંપત્તિ રૂ.૩૩૨ કરોડ છે. આ યાદીમાં ૨૫૧ કરોડની સંપત્તિ સાથે કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારામૈયા ત્રીજા ક્રમે છે. જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાહ રૂ.૫૫ લાખની સંપત્તિ સાથે ગરીબ મુખ્યમંત્રીઓની યાદીમાં બીજા ક્રમે છે.

# ભાજપ શાસિત રાજ્યોમાં વંચિત વિરોધી માનસિકતાનું પુનરાવર્તન

## દલિત-આદિવાસી મહિલાઓ અને બાળકો સામે દર કલાકે એક અપરાધ થાય છે:મલ્લિકાર્જુન ખડગે

નવીદિલ્હી,તા.૩૧

કોંગ્રેસ નેતા મલ્લિકાર્જુન ખડગેએ બાબાસાહેબ આંબેડકર અને દલિતો મુદ્દે ભાજપ પર પ્રહાર કર્યા છે. મલ્લિકાર્જુન ખડગેએ પોસ્ટ કરી જેમાં દલિત અને આદિવાસી સમુદાયોના લોકો સામે અપરાધની કેટલીક તાજેતરની ઘટનાઓને ટાંકતા આરોપ લગાવ્યો કે ગરીબો અને વંચિતો મોદી સરકારના "બંધારણીય વિરોધી શાસન" હેઠળ મનુવાદનો માર સહન કરી રહ્યા છે. ખડગેએ ઠ પર પોસ્ટ કર્યું, "ગૃહમંત્રી અમિત શાહ સંસદમાં બાબાસાહેબ ડૉ. આંબેડકરજીનું અપમાન કરે છે અને ભાજપ શાસિત રાજ્યોમાં એ જ વંચિત વિરોધી માનસિકતાનું પુનરાવર્તન થઈ રહ્યું છે."

તેમણે કહ્યું, "છેલ્લા બે દિવસમાં, મધ્યપ્રદેશના દેવાસમાં પોલીસ કસ્ટડીમાં એક દલિત યુવકની હત્યા કરવામાં આવી છે. ઓડિશાના બાલાસોરમાં, આદિવાસી મહિલાઓને ઝાડ સાથે બાંધીને મારવામાં આવે છે. હરિયાણાના ભિવાનીમાં, એક દલિત વિદ્યાર્થીની ફી લેવાનો ઈનકાર કરવામાં આવે છે. બી.એ.ની પરીક્ષા પૂરી થાય ત્યારે આત્મહત્યા કરવાની ફરજ પડે છે.

તેમણે દાવો કર્યો હતો કે મહારાષ્ટ્રના પાલઘરમાં એક આદિવાસી ગર્ભવતી મહિલાને આઈસીયુની શોધમાં ૧૦૦ કિલોમીટર ચાલવું પડ્યું અને તેનું મૃત્યુ થયું. કોંગ્રેસ અધ્યક્ષના જણાવ્યા મુજબ, ઉત્તર પ્રદેશના મુઝફ્ફરનગરમાં ત્રણ દલિત પરિવારોને ભાગી જવાની ફરજ પડી છે કારણ કે તેઓ જાતિ આધારિત હુમલાઓનો સામનો કરે છે અને પોલીસ મૌન છે. તેમણે દાવો કર્યો હતો કે, "તે સર્વવિદિત છે કે મોદી સરકારના બંધારણ વિરોધી શાસન હેઠળ દલિતો, આદિવાસીઓ, પછાત અને લઘુમતી વર્ગો પર સતત અત્યાચારો થઈ રહ્યા છે. જેઓ ગરીબ અને વંચિત છે તેઓ મનુવાદનો માર સહન કરી રહ્યા છે."

ખડગેએ કહ્યું, "દલિત-આદિવાસી મહિલાઓ અને બાળકો સામે દર કલાકે એક અપરાધ થાય છે અને દ્નઝઈમ (નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો) અનુસાર, ૨૦૧૪ થી આ આંકડો બમણો થયો છે. તેમણે કહ્યું, "કોંગ્રેસ પાર્ટી ૧૪૦ કરોડ ભારતીયોના બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન થવા દેશે નહીં અને ભાજપ-આરએસએસની બંધારણ વિરોધી વિચારસરણીનો સામનો કરવાનું ચાલુ રાખશે."

# સમયની એરણ પર અંકિત થયેલ એ સંસ્મરણોના લીસોટા એટલે પથ્થર કી લકીર ફાટે નહીં ફિટે નહી... કાળને સિમાઓમાં કોણ બાંધી શક્યું છે ?

એ શૈશવનાં શમણાં એ સંસ્મરણોની વાત સમય સરકતી રેત જેવો દડદડ વહેતો આજ મોકળા મને સમજાય એ અતિતિની એવી યાદ, સર્જન, વિસર્જન, નવસર્જનના પૈડા પર ગાડી કેવી ચાલે ફાસ્ટ ઘર સમીપે વિશ્રાંતિ ફરી વળી રાત ગઈ મિમિર તૂટયું, મોંસુઝણાની વેળા રૂડું ઉગશે પ્રભાત હાશ... – પાંધીસર



સાવરકુંડલા, તા. ૩૧

હા ટાઈમ મશીનની શોધ થશેત્યારેત્યારનીવાત. પરંતુસંસ્મરણો તો હમેશા આલાલીલા રહેતા હોય છે. વાત એ સમયની છે જયારે ટેકનોલોજીએ એટલી પ્રગતિ કરી ન હતી. આજે દુનિયામાં નેનો ટેકનોલોજીમાંસમાય ગઈ છે. એ સમયે હજુ મોબાઈલ સેલનો ઉપયોગ ભારતમાં થતો ન હતો ભારતીય સંચાર વ્યવસ્થા ટેલીગ્રામ અને દોરડાવાળા ટેલીફોનથી ચાલતી હતી. એ સમયે કેમેરાના કસબીઓની અથાગ મહેનતના પરિપાક રૂપે ભૂતકાળની એ ઘડીને કેમેરાના કચકડે મઢવામાં આવતી.

સાવરકુંડલાસ્વામીનારાયણ ગુરૂકૂળના એ અતિત કાળને આજે પાંત્રીસથીચાલીશવર્ષથયાહશે. એયાદોં અનેસંસ્મરણોઆ૨૦૨૪નાછેલ્લાદિવસે વાગોળતાંવાગોળતાં.

સતત ગતિમાન સંસારચક્રને આપણે આપેલુ ચોક્કસ નામ એટલે કાળ, સમય. આઈન્સ્ટાઈનના મતમુજબ સ્થળ સમય સ્વતંત્ર નથી પણ પદાર્થનો ધર્મમાત્ર છે.

સમય...હા! સમય..

વ્યવસ્થાના ભાગરૂપે ભલે આપણે એના તારીખ, મહિના, વર્ષમાં ટુકડા કરીએ પણ એ તો છે અખંડ. અવિનાશી... અવિરત વહેતો ઘસમસતો પ્રવાહ છે. થોડા જ કલાકો પછી કાળના આ પ્રવાહમાં વર્ષ ૨૦૨૪ વિલીન થઈ જશે ફરી પાછો એ જ સમય ૨૦૨૫ વર્ષનું નામ ધારણ ઘડિયાળના કાંટાની આંગળી ઝાલી લેવા તૈયાર બેઠો છે, સમયના પ્રવાહમાં કેટલાય એવા પડાવ આવે છે જે મનને હમેશા ઢંઢોળતાં રહે છે. તો કેટલાય એવા સાથી મિત્રો, સગાંસંબંધીઓ કે પરિચિતો એ સમયના વહેણ સાથે કયાંય દૂર જતાં રહે છે. તો વળી નવા ચહેરા સાથે પરિચય પણ કેળવાય છે. ટૂંકમાં સમયની સારણી તો ગતિશીલ છે અને સંવેદના અને સંસ્મરણો ચિરંજીવી.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૯૯ | ૧૪૫૭ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૪૦ | ૧૪૯૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૧૬૦ | ૧૩૭૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૧૦૪૯ | ૧૧૩૧ |
| ૪ | મગફળી બી.ટી. | ૯૪૫ | ૧૦૫૫ |
| ૫ | અડદ | ૧૧૪૫ | ૧૪૨૫ |
| ૬ | તલ સફેદ | ૧૯૧૦ | ૨૩૦૦ |
| ૭ | જીરૂ | ૩૯૮૦ | ૪૩૦૦ |
| ૮ | સોયાબીન | ૭૭૬ | ૭૯૪ |
| ૯ | ચણા | ૧૧૨૦ | ૧૩૫૦ |
| ૧૦ | તલ કાળા | ૪૦૬૦ | ૪૨૫૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૨૦ | ૧૧૨૫ |
| ૨ | ગીરનારી શીંગ | ૧૦૦૦ | ૧૨૭૦ |
| ૩ | શિંગ મોટી | ૮૨૫ | ૧૧૭૧ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૯૮૦ | ૧૩૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૫૮૦ |
| ૬ | તલ કાળા | ૩૫૫૦ | ૫૦૦૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૦૪૫ | ૩૦૫૦ |
| ૮ | બાજરો | ૩૬૬ | ૬૨૫ |
| ૯ | જુવાર | ૭૮૫ | ૧૦૦૮ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૬૦ | ૭૦૨ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૫૦ | ૬૨૯ |
| ૧૨ | મગ | ૧૫૧૫ | ૧૭૩૫ |
| ૧૩ | અડદ | ૧૧૫૦ | ૧૫૧૦ |
| ૧૪ | ચણા | ૯૯૦ | ૧૩૮૦ |
| ૧૫ | તુવેર | ૧૦૫૦ | ૧૬૦૬ |
| ૧૬ | કપાસ | ૮૬૨ | ૧૪૭૯ |
| ૧૭ | એરંડા | ૧૦૦૦ | ૧૨૦૫ |
| ૧૮ | જીરૂ | ૩૦૦૦ | ૪૩૦૦ |
| ૧૯ | ધાણા | ૧૦૨૦ | ૧૪૪૦ |
| ૨૦ | સોયાબીન | ૫૦૦ | ૮૪૨ |
| ૨૧ | મરચા લાંબા | ૪૫૦ | ૨૩૭૦ |

## સાવરકુંડલા શહેરમાં પણ મહમદ રફીના ચાહકો કંઈ કમ નથી



સાવરકુંડલા, તા. ૩૧

સાવરકુંડલા તા. ૨૪.૨૨. ૨૪ ના રોજ ભારતીય સંગીતની દુનિયાના કોહીનૂર સમાન સ્વ. મહંમદ રફી સાહેબની ૧૦૦મી જન્મ જયંતીની ઉજવણી ઠેરઠેર કરવામાં આવી રહી હતી ત્યારે સાવરકુંડલાના સ્વ. રજનીકાંત શાંતિલાલ જાદવ કે જે મહંમદ રફીના ચુસ્ત ચાહક કે ભક્તહતાં. હાલ તેના પુત્ર પાર્થીકરજનીકાંત જાદવ પણ તેના પિતાના એ વારસાનું જતન કરતાં જોવા મળેલ છે. એટલે સ્વ. મહમદ રફીના ૧૦૦ મી જન્મજયંતિની તેમણે પોતાના ઘરે ખૂબ આદર અને સન્માન સાથે ઉજવણી કરી. આ પ્રસંગે રફીની અમર ગીતો સાંભળતાં સાંભળતાં નાના બાળકોને ચોકલેટ આપી રફી જન્મ જયંતીની ઉજવાઈ હતી.

ત્યારે તેમના ઘરે પણ રફી સાહેબની જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી આજે તેમના ઘરે પ્રવેશ કરતાં જ રફી સાહેબની અસંખ્ય તસવીરો સાથે તેના પિતાજી સ્વ રજનીકાંત જાદવની યાદો સંગ્રહાયેલ જોવા મળે છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૫૧ | ૧૦૫૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૫૦ | ૧૨૦૦ |
| ૩ | તલ સફેદ | ૧૯૮૬ | ૨૫૫૨ |
| ૪ | તલ કાળા | ૪૦૦૦ | ૪૮૦૦ |
| ૫ | જીરૂ | ૪૨૦૦ | ૪૬૫૦ |
| ૬ | કપાસ | ૧૩૫૦ | ૧૪૭૬ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૦ | ૬૩૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૬૫ |
| ૯ | બાજરો | ૫૦૦ | ૬૩૫ |
| ૧૦ | જુવાર | ૪૬૬ | ૮૦૦ |
| ૧૧ | અડદ | ૧૧૦૦ | ૧૫૯૭ |
| ૧૨ | ચણા | ૯૦૦ | ૧૩૯૯ |
| ૧૩ | તુવેર | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ૧૪ | એરંડી | ૧૦૭૧ | ૧૨૧૩ |
| ૧૫ | મેથી | ૯૦૧ | – |
| ૧૬ | ધાણા | – | ૧૫૦૦ |
| ૧૭ | સોયાબીન | ૭૫૦ | ૮૧૩ |

પાના ૮ ઉપરનું ચાલું

## બિન અનામત વર્ગને

સ્વીકારાય હોય ? ગુજરાતના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૩માં જાહેરાત બહાર પડાયહતી તેમાં ૪૪૪૭જેટલા અરજદારોએ અરજી કરી હતી. સરકાર દ્વારા પોતે ૨૫૦૦ જેટલા અરજદારોને લોન આપી શકાય તેવો લક્ષ્યાંક મૂકવામાં આવ્યો હતો તેનો માત્ર ૩૮.૮% લક્ષ્યાંક જ પૂરો કરી શકી છે તે સરકારની યોજનાના અમલીકરણની અસફળતાનું પ્રતિબિંબ છે. વર્ષ ૨૦૨૩ ના ૪૪૪૭ અરજદારો પૈકી માત્ર ૯૭૧ અરજદારોને લોન ફાળવવા આવી હતી. ભાજપ સરકાર પોતાના ૨૫૦૦ યુવાનોના લક્ષ્યાંકને પૂરો નથી કરી શકી તે સરકારની યોજના લાગુ કરવા અને અમલીકરણની સ્પષ્ટ નિષ્ફળતા છે. વર્ષ ૨૦૨૩ના માર્ચ માં અરજી કરનાર બનાસકાંઠા, પાટણ, મહેસાણા અને મહીસાગરના અરજદારોને છેક દોઢ વર્ષ બાદ ૨૦૨૪માં લોન ફાળવવામાં આવી છે. સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા ઢંગધડા વગરના વહીવટથી ગુજરાતના બેરોજગાર યુવાનોમાં આક્રોશ અને નારાજગી છે. ભાજપ સરકાર અને સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ વર્ષ ૨૦૨૪ 'સ્વરોજગાર લોન યોજના' હેઠળની જાહેરત કેમ બહાર પાડવામાં આવી નથી અને અરજીઓ કેમ સ્વીકારવામાં આવી નથી ? શું સરકારએ યોજના બંધ કરી દીધી છે? તો સરકારી કચેરી દ્વારા વર્ષ ૨૦૨૪માં યોજના સંબંધી માહિતી કેમ માંગવામાં આવી હતી ? શું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ પાસે પૂરતું ભંડોળ નથી ? આ યોજના હેઠળ ૧.૫૦ રૂપિયાથી લઈને ૧૦ લાખ રૂપિયા સુધીની લોન અપાય છે. ગત વર્ષના ૩૪૭૬ લોન વંચિત અને ગુજરાતના હજારો નવા અરજદાર યુવાનો આત્મનિર્ભર બનવામાં જાહેરાતની રાહ જોઈ રહ્યા છે ત્યારે સરકાર તેમના સપનાઓ ઉપર પાણી ફેરવી રહી છે. ગુજરાત અનેક વિસ્તારના યુવાનોની ફરિય છે કે નિયત કરેલ ડોકયુમેન્ટસ સિવાય વધારાના ડોકયુમેન્ટસ માંગવામાં આવી રહ્યા છે. વર્ષ ૨૦૨૩ના અરજદારો જેમને છેક વર્ષ ૨૦૨૪ માં લોન મંજૂર કરવામાં આવી છે તેમની જોડે તલાટીના પ્રમાણપત્ર ઉપરાંત ટાઈટલ કિલયર જેવા ડોકયુમેન્ટસ માંગી કનડકત ઉભી કરવામાં આવી રહી છે તેવી ફરિયાદો ઉઠી રહી છે તેની સરકાર દ્વારા તપાસ કરવામાં આવે. ગુજરાત સરકાર ગ્રામીણ યુવાનોને સરકારી યોજનાઓમાં લાભ મળે તે માટે સરકારી પ્રક્રિય સરળ બનવી જોઈએ જેથી અરજદારોને સરળતા થાય. ગુજરાત સરકાર દ્વારા 'સ્વરોજગાર લોન યોજના'ની નવી જાહેરાત અને અરજીઓ નહિ સ્વીકારવામાં આવે તો અરજદારોને સાથે રાખી ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે.

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૦ | ૧૧૭૧ |
| ૨ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૪૫૧ |
| ૩ | તલ કાળા | ૪૧૦૦ | ૪૧૦૦ |
| ૪ | તલ પીળા | ૩૦૬૦ | ૩૨૧૧ |
| ૫ | કપાસ | ૧૩૩૦ | ૧૪૬૪ |
| ૬ | બાજરો | ૫૧૬ | ૬૬૧ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૨૫ | ૬૯૧ |
| ૮ | જુવાર | ૬૦૦ | ૯૨૧ |
| ૯ | મગ | ૧૮૦૦ | ૨૭૦૦ |
| ૧૦ | મઠ | ૧૩૬૦ | ૧૩૬૦ |
| ૧૧ | અડદ | ૧૩૧૪ | ૧૩૭૧ |
| ૧૨ | તુવેર | ૧૩૯૧ | ૧૪૭૧ |
| ૧૩ | ચણા | ૧૧૬૫ | ૧૧૬૫ |
| ૧૪ | સોયાબીન | ૭૫૧ | ૭૯૫ |

પાના ૧ ઉપરનું ચાલું

## બગસરામાં પાલિકાનાં વેરા વધારા સામે

વેરામાં થયેલ વધારો હવે શહેરીજનો સહન કરી શકે તેમ નથી.

શહેરનાં વેપારીઓ ઘણા દિવસોથી વેરામાં વધારો ન કરવા પાલિકાનાં શાસકોને લેખિત અને મૌખિક રજૂઆત કરીને થાકયા પરંતુ શાસકો શહેરીજનોની આર્થિક સ્થિતિથી અભણ હોય કે પછી સત્તાનું ઘમંડ હોય સરકારનો કોઈ આદેશ હોય વેરાનો વધારો પાછો ન કર્યો અને અંતે આજે શહેરીજનોએ અદભૂત એકતા સાથે બજારો બંધ રાખીને શાસકોને વિચારતા કરી દીધા.

આજે વેપારીઓ અને શહેરીજનોએ પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવેલ. બાદમાં ચીફ ઓફિસર આવેદનપત્ર સ્વીકારવા માટે અવનવા બ્હાના કાઢતાં જોવા મળ્યા અને ૩–૩ કલાકની કડાકૂટ બાદ ચીફ ઓફિસર આવેદનપત્ર સ્વીકારવા તૈયાર થયા ત્યારે લોકશાહી છાના ખૂણે રડતી હોય તેવું જોવા મળ્યું હતું.

લોકશાહી શાસન વ્યવસ્થામાં જયારે લોકોનો વિશાળ સમૂહ કોઈ રજૂઆત કરવા માંગતો હોય તો જનસેવક ગણાતા અધિકારીઓ અને પદાધિકારીઓએ સામે આવીને જનતા જનાર્દનની જે કોઈ રજૂઆત હોય તે સાંભળવી જોઈએ. પરંતુ આજે દેશની માલિક ગણાતી જનતા સાથે અવારનવાર જનસેવકો પોતે માલિક હોય તેવું વર્તન કરતાં જોવા મળી રહ્યાં છે.

પાના ૧ ઉપરનું ચાલું

## રાજુલાનાં બાબરીયાધારમાં

ભાવેશ તે હિંડોરણા ગયા બાદ પાછી આવી નથી તેવો જવાબ આપતો હોય. સોનલની માતા સવિતાબેન સોલંકીએ રાજુલા પોલીસને જાણ કરી હતી. લાંબી તપાસ અને કુનેહપુર્વકની પુછપરછથી ભાવેશે પોલીસ સમક્ષ પ્રેમીકા સોનલની હત્યા કર્યાની કબુલાત આપી હતી. પત્ની અને પ્રેમીકા વચ્ચે ઝઘડો થતો હોય પ્રેમીકાની હત્યા કરવાનુ નક્કી કરી તે કુવા કાંઠે લઈ ગયો હતો અને માથામાં કુહાડીનો ઘા ઝીંકી હત્યા કરી લાશને કુવામા ફેંકી દીધી હતી. અવાવરૂ કુવો હોય અત્યાર સુધી કોઈને જાણ થઈ ન હતી. મૃતક સોનલબેનની હત્યા કર્યા બાદ તેના પ્રેમી ભાવેશ પરમારે કપડા ઉતારી લઈ સળગાવી દીધા હતા અને લાશને અવાવરૂ કુંવામાં નાખ્યા બાદ ઉપર ઝાડી ઝાખરા પણ નાખી દીધા હતા. મૃતક સોનલના લગ્ન પંદર વર્ષ પહેલા કિશન રવજી ચુડાસમા સાથે થયા હતા અને દસેક વર્ષ ઘર સંસાર ચાલતા એક દીકરો અને બે દીકરીના જન્મ થયા હતા. વિખવાદ થતા બે દીકરીને લઈ તે માવતરે આવતી રહી હતી. પોલીસ દ્વારા તમામ મળેલ અવશેષો ફોરેન્સિક પીએમ માટે ભાવનગર ખસેડવામાં આવેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૨૨ | ૧૪૫૨ |
| ૨ | મગફળી | ૭૨૦ | ૧૦૧૫ |
| ૩ | ઘઉં | ૪૫૫ | ૫૮૫ |
| ૪ | ચણા | ૧૦૦૦ | ૧૨૮૦ |
| ૫ | શીંગદાણા | ૧૦૦૦ | ૧૧૪૫ |
| ૬ | ધાણા | ૧૦૫૦ | ૧૨૫૦ |
| ૭ | અડદ | ૧૦૦૧ | ૧૪૩૫ |
| ૮ | સોયાબીન | ૬૫૧ | ૮૦૨ |

## ઈનરવ્હીલ કલબ અને બ્રહ્મ સમાજ મહિલા પાંખ દ્વારા બ્રેસ્ટ કેન્સર ચેકઅપ અવેરનેસ કાર્યક્રમ યોજાયો




અમરેલી ઈનરવ્હીલ કલબ ઓફ અમરેલી ગીર અને સમસ્ત બ્રહ્મ સમાજ અમરેલી જિલ્લા તથા શહેર મહિલા પાંખના સંયુકત ઉપક્રમે બ્રેસ્ટ કેન્સર ચેકઅપ અને અવેરનેસ કેમ્પ યોજાયો. અમરેલી મુકબધીર શાળા ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં ૪૦થી વધુ મહિલાઓનું બ્રેસ્ટ સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું. આશિર્વાદ ફાઉન્ડેશન સાથે જોડાયેલ મીતાબેન જોષીએ બ્રેસ્ટ કેન્સર અંગે પ્રબોધન કર્યુ. જેમાં મુકબધિર શાળાની વિદ્યાર્થીનીઓને સ્તન કેન્સર વિશે માહિતગાર કરવામાં આવી. ઈનર વ્હીલ કલબના પ્રમુખ ડો. મિલીબેન ઠાકર, બ્રહ્મ સમાજ મહિલા પાંખની કલ્પનાબેન જાની અને નયનાબેન આચાર્યએ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મહત્વની ભૂમિકા ભજવી. મુકબધીર શાળાના સંચાલક હિનાબેન ભટ્ટે કાર્યક્રમ માટે સ્થળ અને સવલતો પૂરી પાડી મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. મહિલાઓના આરોગ્યને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ સાથે યોજાયેલા આ કેમ્પને અમરેલીના મહિલાઓ દ્વારા ઉત્સાહપૂર્વક પ્રતિસાદ મળ્યો હતો. બ્રેસ્ટ કેન્સર અંગેની જાણકારી દ્વારા મહિલાઓમાં આરોગ્ય જાગૃતિ અને ચેકઅપ માટે પ્રેરણા મળી.

# અમરેલી : ગજેરા કેમ્પસમાં અનોખી રીતે થર્ટી ફર્સ્ટ ના દિવસની ઉજવણી સાથે વડીલ વંદના કરવામાં આવી



અમરેલી તારીખ ૩૧/૧૨/૨૪ના રોજ શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શાળાના પ્રાથમિક વિભાગ ગુજરાતી, મિશ્ર અને અંગ્રેજી માધ્યમના સંયુકત ઉપક્રમે વડીલ વંદના કાર્યક્રમનું અનોખ આયોજન કરવામાં આવેલ, જેમાં વિદ્યાર્થીઓમાં વડીલ પ્રત્યે આદર અને સંસ્કારનું નાનપણથી જ સિંચન કરવામાં આવે તેવા હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં આ કાર્યક્રમ અનુલક્ષીને વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થના ગીત, સ્વાગત ગીત અને ડાન્સ કૃતિ રજૂ કરવામાં આવેલ, ત્યારબાદ કેમ્પસ ડાયરેટકરએ જણાવ્યું કે હાલના આધુનિક યુગમાં મોબાઈલના ઉપયોગથી માતા–પિતા બાળકો સાથે ઓછો સમય ફાળવે છે જેથી આવનારી પેઢીમાં વિદ્યાર્થીઓ વધે રહેલા ડિપ્રેશન તેમજ આત્મવિશ્વાસના અભાવ જેવી સ્થિતિઓ સર્જાઈ રહી છે. જેથી માતા–પિતા અને બાળકો વચ્ચેનું ઐકય અને ખરા અર્થમાં વસુધૈવ કુટુંબકમની ભાવના જળવાય તેવો સંદેશ વાલીઓને આપેલ હતો. આ કાર્યક્રમ અંતર્ગત બાળકો દ્વારા માતા–પિતા અને દાદા–દાદીનું પૂજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે બ્રહ્મકુમારીમાંથી કિંજલબેન, કંચનબેન, પ્રીતિબેન તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી ઉપસ્થિત રહ્યા હતા.

### પર્યાવરણ પ્રેમી પરશોત્તમભાઈ વેકરિયાનું પ્રેરણાદાયી કાર્ય

## અરે વાહ : ઘરમાં આવતાં તમામ પ્રસંગોમાં ૫૧૧ વૃક્ષોનું વાવેતર કરવામાં આવી રહ્યું છે

**પ્રદુષણનાં કારણે પર્યાવરણ બગડયું હોય વૃક્ષો જ બનશે તારણહાર**

અમરેલી, તા. ૩૧

ખેડૂત પરીવારમાં ઉછરેલા, શીક્ષક પરસોતમભાઈ વેકરીયા તથા તેમના ધર્મપત્ની ભારતીબેન વેકરીયા પર્યાવરણ પ્રેમીછે, ઘણા વર્ષોથી સદભાવના વૃધ્ધાશ્રમની વૃક્ષારોપણની પ્રવૃતિઓ સાથે સંકળાયેલા છે. ઘણા વૃક્ષોનું વાવેતર કરી ચૂકયા છે, વૃક્ષો દતક પણ લઈ ચૂકયા છે. હાલમાં પરસોતમભાઈના નવા ઘરમાં ગૃહ પ્રવેશ નિમીતે તથા તેમના મોટા પુત્ર ડો. હાર્દિક વેકરીયા તથા ડો. નિધીબેન વેકરીયાને ત્યાં દિકરી વામિકાનો જન્મ થયો તે નિમીતે અને તેમના નાના પુત્ર નિર્મલ વેકરીયા (એન્જીનીયર) તથા એકતાબેન વેકરીયા (એન્જીનીયર) તેમની નવી ઓફીસનાં ઉદઘાટન પ્રસંગે અને નિર્મલભાઈના પુત્ર ગ્રંથના જન્મદિન પ્રસંગે કેક કાપીને કે કોઈ ભપકાદાર ઉજવણી કરવાને બદલે સગા સંબંધીઓને સાથે રાખીને તેમની હાજરીમાં મહેમાનોના હાથે વૃક્ષારોપણ કરી બધા અવસરો ભારતીય પરંપરા મુજબ ઉજવણી કરીને ૫૧૧ વૃક્ષોનું વાવેતર કર્યુ હતું.

આ પ્રસંગે વિજયભાઈ ડોબરીયા (સદભાવના વૃદ્ધાશ્રમ), રમેશભાઈ ટીલાળા (ધારાસભ્ય, રાજકોટ), ડો. ભરતભાઈ બોઘરા (પ્રદેશ ઉપાપ્રયક્ષ ભા.જ.પ.), શ્રીમતી નયનાબેન પેઢડીયા (મેયર), ડો. વલ્લભભાઈ કથીરિયા (પૂર્વ કેન્દ્રીય મંત્રી), શિવલાલભાઈ વેકરીયા (પૂર્વ સાંસદ, રાજકોટ), ડો. પ્રકાશભાઈ મોઢા (ચેરમેન ગોકુલ હોસ્પીટલ પ્રા.લી.) ગોવિંદભાઈ પટેલ (પૂર્વ મંત્રી), ભરતભાઈ ગાજીપરા (સર્વોદય સ્કૂલ્સ) તથા સામાજિક, રાજકીય, ધાર્મિક અગ્રણીઓ, સગા સંબંધી સ્નેહી મિત્રો ઉપસ્થિત રહ્યાં હતા. સદભાવના વૃદ્ધાશ્રમનું ભારતને ગ્રીન બનાવવાનું મહત્વાકાંક્ષી સ્વપ્ન છે. અત્યાર સુધી સમગ્ર ગુજરાતમાં ૩૦ લાખ વૃક્ષોનું વાવેતર અને જતન પણ થઈ ગયુ છે. આગામી વર્ષોમાં સમગ્ર ભારતમાં ૧૫૧ કરોડ વૃક્ષો વાવવામાં આવશે અને તેનો ઉછેર પણ કરવામાં આવશે. ગુગલ મેપમાંથી કોઈ વિદેશમાંથી પણ જોવે તો તેને ભારત લીલુછમ દેખાય એ સદભાવના વૃદ્ધાશ્રમનું સાત્વિક સ્વપ્ન છે. સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા ખૂબ ટૂંકા સમયમાં ૩૦ લાખ વૃક્ષો વિનામૂલ્યે પીજરા સાથે વાવી તેનું જતન કરવામાં આવ્યું છે, મિયાવાકી જંગલ સ્વરૂપે કરાયું છે. વૃક્ષો વાવીને મોટું ભગીરથ કાર્ય કર્યુ છે. વૃક્ષો વાવવા સહેલા છે. પણ તેની માવજત કરવી



અઘરી છે. જયારે આ સંસ્થા દ્વારા વૃક્ષોના વાવેતર સાથે તેને પિંજરાથી રક્ષણ આપવામાં આવે છે અને સાથે જાહેર સ્થળોએ વાવેલા વૃક્ષોને પાણી પીવડાવવા સહિતની કામગીરી કરીને તેના ઉછેરની સંપૂર્ણ જવાબદારી નિભાવવામાં આવે છે. પરસોતમભાઈ વેકરીયા – મો. ૯૯૦૯૦ ૪૨૪૨૩

## નાગેશ્રી : નેશનલ એવોર્ડ મળતા ૧૦૮ના સ્ટાફનું સન્માન



રાજુલા, તા. ૩૧

નાગેશ્રી ૧૦૮ નાઈએમટી તરીકે ફરજ બજાવતા પ્રવીણભાઈ ભાણાભાઈ બાંભણીયા જે નાગેશ્રી લોકેશન પર ફરજ બજાવે છે તેઓને ૧૦૮ દ્વારા હૈદરાબાદ ખાતે નેશનલ એવોર્ડ એનાયત કરવામાં આવેલ તે બદલ નાગેશ્રી પોલીસ સ્ટેશનના પીએસઆઈ પલાસ તેમજ નાગેશ્રી પોલીસ સ્ટાફ દ્વારા પ્રવીણભાઈ ભાણાભાઈ બાંભણીયાનું પુષ્પગુચ્છ તેમજ સાલ ઓઢાડીને ૧૦૮ નાગેશ્રી ટીમનું સન્માન કરવામાં આવ્યું. રાજુલા તાલુકાના ચાંચ બંદર ગામનો તારીખ ૨૦ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ ડીલીવરીનો કેસ મળેલ ત્યાં જતા પ્રસ્તુતાએ ઘરે જ બાળકને જન્મ આપેલ પરંતુ જન્મતાની સાથે જ બાળકના વાઈટલ શરીરના ધબકારા ન હતા તેમજ બાળક રડયું ન હતું પછી બાળકને સીપીઆર આપી તેમજ કુત્રિમ શ્વાસોશ્વાસ આપીને બાળકને નવું જીવન આપેલ છે તે બદલ નેશનલ એવોર્ડથી હૈદરાબાદ ખાતે સન્માનિત કરેલ છે તે બદલ નાગેશ્રી પોલીસ સ્ટેશનના પીએસઆઈ પલાસ તેમજ નાગેશ્રી પોલીસ સ્ટાફ દ્વારા પ્રવીણભાઈ ભાણાભાઈ બાંભણીયાનું પુષ્પગુચ્છ તેમજ સાલ ઓઢાડીને ૧૦૮ નાગેશ્રી ટીમનું સન્માન કરવામાં આવ્યું.

## સાવરકુંડલા : મહિલા આર્ટ્સ કોલેજમાં વન ડે કેમ્પનું આયોજન



સાવરકુંડલા, તા. ૩૧

નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વી.ડી.ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજ સાવરકુંડલા ખાતે એન.એસ.એસ. વિભાગ દ્વારા એક–દિવસીય–શિબિરનું આયોજન કરવામાં આવ્યું જેમાં સમગ્ર કોલેજના વર્ગખંડો, પ્રાર્થના હોલ, લાઈબ્રેરી, ઓફિસો, કેન્ટીન અને કમ્પાઉન્ડ વગેરેની સાફ–સફાઈ હાથધરાઈ, વિદ્યાર્થીની બહેનો અને સ્ટાફ મિત્રોએ ખંત અને ઉત્સાહથી કામ કર્યુ, કાર્યકારી આચાર્ય પ્રિ. ડી.એલ.ચાવડાના માર્ગદર્શનથી અને પ્રા.છાયાબેન શાહ, ડો. પ્રતિમાબેન શુક્લ, ડો. રૂકસાનાબેન કુરેશી, પ્રા.કે.બી પટેલ, ડો. જાગૃતિબેન રાઠોડ પ્રા. નયનાનાબેન કાપડિયા, પ્રા. ખુશ્બુબેન બગડા, પ્રા.જાખરા મુસ્કાન બેન, પ્રા.હૈદરભાઈ તથા પ્યૂન અંતુભાઈ બગડા વગેરે સેએ ખૂબ જહેમતથી આ પ્રવૃત્તિને ઉત્સાહપૂર્વક સફળ બનાવેલ હતી. આ શિબિરની વિશેષતા એ હતી કે સ્વયંસેવિકા બહેનોની એક ટુકડીએ જાતે ચૂલા પર ભોજન તૈયાર કરી સૌને પ્રેમથી જમાડયા હતાં, આ સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રો.ઓફિસર ડો. હરિતા જોષી એ કરેલું હતું. કોમ્પ્યુટર ઓપરેટર જિજ્ઞાબેન બગડાનો સહોાગ રહેલ. આ કાર્યક્રમમાં નૂતન કેળવણી મંડળનાં મેનેજીંગ ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચાએ ઉપસ્થિત રહી સોને અભિનંદન આપી પ્રોત્સાહન પૂરૂ પાડેલ હતું.

## સને ૨૦૨૫ નવી આશા સાથે વધાવીએ : રાજુભાઈ પરિખ

અમરેલી, તા. ૩૧

૨૦૨૪ના વર્ષને અલવિદા કહીએ અને ૨૦૨૫ના વર્ષની નવી આશા ઉમંગ અને આનંદથી વધાવીએ. ખરૂ જોઈએ તો આ વર્ષનું ચક્ર જીંદગીનું ચક્ર બનવાનું છે. પણ આપણને જેટલો સમય મળે તેટલી જીંદગી ઉજાગર કરવાની છે. પ્રસન્ન મને સારી રીતે હકારાત્મક વલણથી જીવવાની છે.

આમ આપણે જોઈએ કુદરતે પ્રકૃતિએ ઈશ્વરને આપણને ઘણુ આપ્યું છે. આપણે પ્રેમ, સેવાભાવ, ભાઈચારો, નિઃસ્વાર્થભાવ, સત્ય વગેરે ગુણો કેળવવા જોઈએ. આ બધા મુળભુત વિચારો ગુણોને પાયામાં રાખી જીંદગી સાથે અપડેટ થતા રહેવું પડશે. આજનો યુગ દિવસને દિવસે નવુંસંશોધન કર્યા જ કરે છે. આપણે તેનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવો જરૂરી છે. વિતેલો સમય કયારેય પાછો નહિ આવે માટે એવી રીતે જીવીએ કે તેનો




અફસોસ ન રહે અથાત સારી રીતે વિવેક સાથે, સારા કાર્યો કરવાથી વગેરે આપણને ગળેલા સમયનો સંતોષ થવો જોઈએ. મારાથી શકય તેટલા સારા કાર્યો થયેલા છે. અને હા ફકત લખવામાં કે વાંચવામાં જ જીવન નથી કાઢવું પણ આને સાથે સાથે વોડસવર્થના કહેવા પ્રમાણે જીવન સારી રીતે માણતા પણ રહેવું જોઈએ. નવા–નવા વર્ષ સૌનું કલ્યાણ થાય એ જ પ્રભુને પ્રાર્થના સાથે શુભેચ્છાઓ રાજુભાઈ પરીખ.

### મેડિકલ ફીલ્ડનો ખુબ જ અનોખો કિસ્સો

## દર્દીના નાકમાં દાંત ઉગ્યો દુરબીન વડે સફળ ઓપરેશન : ડો. હિમાંશુ ઠકકરની અનોખી સિદ્ધિ

**નાકમાં દાંતનો દુર્લભ કેસમાં સફળતાપૂર્વક સર્જરી કરાઈ**



ચલાલા, તા. ૩૧

રાજકોટની ૩૮ વર્ષીય મહિલા મીનાક્ષી બેન નામ બદલાવેલ છે. છેલ્લા ૧૦ વર્ષથી જમણા નાકમાં અવરોધ, દુર્ગંધ મારતું પ્રવાહી, ગંભીર માથાનાં દુખાવા અને વારંવાર થતી શરદીની સમસ્યાથી પીડાતા હતા. સ્થાનિક દવાઓથી રાહત ન મળતાં તેઓએ રાજકોટના અનુભવી ઈએનટી સર્જન ડો. હિમાશું ઠકકરનો સંપર્ક કર્યો, જેઓ ૨૨ વર્ષથી પ્રેકિટસ કરી રહ્યા છે.

ડો. ઠકકરે નાકની એન્ડોસ્કોપી અને સીટી સ્કેન કર્યુ, જેમાં જમણા નાકમાં દાંત જેવી રચના મળી, જે ગ્રેન્યુલેશન ટિશ્યુ અને પ્રવાહીથી ઘેરાયેલી હતી. આને "એકટોપિક ટૂથ" તરીકે ઓળખવામાં આવે છે, જે દાંત ખોટી જગ્યાએ ઉગે ત્યારે થાય છે. આ એક અતિ દુર્લભ સ્થિતિ છે, જેની ઘટનાઓ માત્ર ૦.૧% થી ૧% કેસમાં થાય છે અને સાહિત્ય અનુસાર વિશ્વભરમાં ૫૦થી પણ ઓછા કેસ નોંધાયેલા છે.

ડો. ઠકકરે દર્દીને એન્ડોસ્કોપિક સર્જરીની સલાહ આપી. ઓપરેશન દરમિયાન મોટી પથ્થર જેવી રચના. જેને rhinolith કહેવાય છે તે બહાર કાઢવામાં આવી, જેમાં દાંત સમાયેલ હતું. આ દાંત જમણા નાકના અંદરના ભાગ (ઈન્ફિરિયર ટર્બિનેટ)માંથી ઉગ્યો હતો. સર્જરી પૂરી રીતે સફળ રહી અને દર્દીને કોઈપણ જાતની તકલીફો વિના હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યા.

હવે મીનાક્ષી બેન સંપૂર્ણ રીતે તંદુરસ્ત છે. તેમનું માથાનું દુખવું દૂર થઈ ગયં છે અને તેઓ સરળતાથી શ્વાસ લઈ શકે છે. દર્દીએ ડો. હિમાંશુ ઠકકરનો હદયપૂર્વક આભાર માન્યો, જેમણે તેમની લાંબા સમયથી ચાલી આવેલી સમસ્યાનું નિરાકરણ લાવ્યું.

## આસોદર પ્રાથમિક શાળાને વર્લ્ડ વાઈડ બુક ઓફ રેકોર્ડનું પ્રમાણપત્ર એનાયત



દામનગર, તા. ૩૧

દામનગરના આંસોદર પ્રાથમિક શાળાનું ગૌરવ તા. ૨૯/૧૨/૨૪ના રોજ ગાંધીનગર સેકટર –૩ સરસ્વતી વિદ્યાલયના આંગણે ભવ્ય સમારંભ યોજાયેલ. જેમાં ગુજરાતના ખૂણે ખૂણેથી જે શાળાઓએ સૌથી વધારે સીંગલયુઝ પ્લાસ્ટિક બોટલો ભેગી કરી તેમાં સીંગલયુઝ પ્લાસ્ટિકના ઝભલા ભરી વેસ્ટ પ્લાસ્ટિક એકઠું કરેલ તે અંતર્ગત આંસોદર પ્રાથમિક શાળાએ ૧૧.૦૦૦ બોટલો એકઠી કરી રીસાયકલ માટે મોકલેલ જેથી શાળા પરીવારના કાર્યને બૂક ઓફ રેકોર્ડમાં સ્થાન મળતા ગૌરવાન્વિત થયેલ. આ કાર્યક્રમ રાજય પરીક્ષા બોર્ડના સચિવ રાવલ સાહેબ અને સમગ્ર શિક્ષા અભિયાનના સચિવ મહેશભાઈ મહેતાની વિશેષ હાજરીમાં યોજવામાં આવ્યો હતો. મદદનીશ સચિવ પુલકિત જોષી અને અન્ય મહાનુંભાવોના વરદ હસ્તે પ્રોત્સાહન મળેલ છે. મારી શાળા પ્લાસ્ટિક મુકત શાળા અંતર્ગત ૧૧.૦૦૦ બોટલ એકત્ર કરીને વર્લ્ડ વાઈડ બુક આફ રેકોર્ડમાં નામ નોંધાવેલ હતું તેની ભવ્ય સફળતાના ભાગ રૂપે આજે ગાંધીનગર મુકામે વર્લ્ડ વાઈડ બુક ઓફ રેકોર્ડનું પ્રમાણપત્ર, શિલ્ડનો એવોર્ડ પ્રાપ્ત થયો છે જેનું આંસોદર ગૌરવ અનુભવેછે.

# બાબરા : ઓમસાંઈ અને એસ. વી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ મણીભાઈ સાર્વજનિક પુસ્તકાલયની મુલાકાતે



દામનગર શહેરની એસ વી અને ઓમસાઈ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ મણીભાઈ સાર્વજનિક પુસ્તકાલય ટ્રસ્ટ સંચાલિત વ્રજકુંવરબેન કે મોદી મહિલા પુસ્તકાલયની મુલાકાતે લીધી પ્રાથમિક શાળા પરિવાર દ્વારા આયોજિત ટૂંકા જાહેર સ્થળ પ્રવાસ અંતર્ગત દામનગરની ઓમ સાઈ વિદ્યાલય અને એસ વી વિદ્યાલયના વિદ્યાર્થીઓએ દામનગર સાહિત્ય જગતની શાન ગણાતી મણીભાઈ સાર્વજનિક ટ્રસ્ટ સંચાલિત વ્રજકુંવરબેન કે મોદી મહિલા પુસ્તકાલયની મુલાકાત લીધી હતી મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓએ જિજ્ઞાસા વૃત્તિથી પુસ્તકાલય સંદર્ભે વિસ્તૃત પ્રશ્નોતરી કરી હતી સંસ્થાના દરેક વિભાગો વિશેષતાઓ અંગે સંસ્થાના કર્મચારી મીનાબેન મકવાણા દ્વારા વિદ્યાર્થીઓને અવગત કર્યા હતા સંસ્થા દ્વારા થતી અનેક વિધ પ્રવૃત્તિ નિહાળી હતી ખૂબ ખુશી વ્યકત કરતા બંને શાળા પરિવાર સ્ટાફ અને વિદ્યાર્થી સંસ્થા પ્રત્યે આભાર વ્યકત કર્યો હતો.

